BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૧

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-101**


## પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)







## વિભાગ-૩ શુંગોથી સંગમયુગ

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદન:**

પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. સોનલ ચોધરી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.

**વિષય સમિતિ:**

ડૉ. સોનલ ચોધરી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

ડૉ.અરુણ વાઘેલા — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ ,ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ

ડૉ. લલિત પટેલ — પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પાટણ

**પરામર્શન (વિષય):**

ડૉ. લલિત પટેલ — પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પાટણ

ડૉ.પ્રફુલા રાવલ — પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ,રાજકોટ

ડૉ. પ્રદ્યુમન ખાચર — અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ, જૂનાગઢ.

**લેખન:**

શ્રી મનુભાઈ  શાહ — નિવૃત પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , બી.ડી. આર્ટસ અને હોમ સાયન્સ કોલેજ, અમદાવાદ.

ડૉ. મહેશ ચૌધરી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,સરકારી આર્ટસ અને સાયન્સ કોલેજ,જાંબુઘોડા

**પરામર્શન (ભાષા) :**

ડૉ. હેતલ ગાંધી — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ડૉ. જાગૃતિ મહેતા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ડૉ. દિનેશ ભદ્રેસરિયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ડૉ. દિનુભાઈ ચુડાસમા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

પ્રા. ઉર્વિકા પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN “978-93-89909-02-9”**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of

Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

BAOU Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-101**

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

## (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)

વિભાગ-3

શુંગોથી સંગમયુગ

---

**એકમ-11**

શુંગો (પુષ્યમિત્ર શુંગ), પશ્ચિમના ક્ષત્રપો (રૂદ્રદામા)

---

**એકમ-12**

કુષાણો (કનિષ્ક બીજો), સાતવાહનો (ગૌતમીપુત્ર શાતકર્ણી), પલ્લવો

---

**એકમ-13**

સંગમયુગ

---

**વિભાગ-3 શૃંગોથી સંગમયુગ** :

પ્રાચીન ભારતનો ઈતિહાસ (પ્રાગઐતિહાસિકથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી) પેપર-1 ના વિભાગ- 3 "શૃંગોથી સંગમયુગ" માં કુલ 3 એકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. અહીં મગધ પર મૌર્ય સામ્રાજ્યના પતન પછી સત્તા પર આવેલ શૃંગવંશથી માંડીને ભારતને ફરી એક સૂત્રતાએ બાંધનાર ગુપ્તયુગ પેહલાની ભારતની મુખ્ય બાબતને આવરી લીધેલ છે.

એકમ-11 આ વિભાગમાં મૈર્યવંશનો નાશ કરી સત્તા પ્રાપ્ત કરનાર પુષ્યમિત્ર શૃંગ અને અને તેની સિદ્ધિઓની માહિતી આપવામાં આવેલ છે. આ ઉપરાંત ભારતને ગ્રીક - યવનોના આક્રમણથી બચાવનાર ક્ષત્રપોમાં મહાક્ષત્રપ રુદ્રદામનની સિધ્ધિઓ અને એની શાસન વ્યવસ્થાની વાત કરેલી છે. સાથે સાથે સાહિત્ય અને કલાના ક્ષેત્રે ભારતમાં શરૂ થયેલ પુનઃજાગૃતિ અહિ જોવા મળે છે.

એકમ-12 મૂળે વિદેશી એવા કુષાણોમાં પ્રતાપિ સમ્રાટ કનિષ્ક,એનો સામ્રાજ્ય વિસ્તાર તથા તેનો દ્વારા થયેલ  બૌદ્ધધર્મનો પ્રચાર તથા સાહિત્ય અને કલામાં યોગદાનનીથી સાથે ગાંધાર શૈલી દ્વારા ભારતની કલાના ક્ષેત્રે થયેલ પ્રગતિની વિગતે વાત કરેલી છે. ભારતના ઈતિહાસમાં જેનું મહત્વ છે એવા સાતવાહનો અને તેના પ્રસિધ્ધ રાજાઓ અને તેમની સિદ્ધિઓ વિશે માહિતી આપેલ છે. ભારતના ઈતિહાસમાં જેને અવગણી ન શકાય એવા પલ્લવોનો ઈતિહાસ અને તેમના પરાક્રમો વિશે તથા તેમના દ્વારા કલા, સ્થાપત્ય, શિક્ષણ, સાહિત્ય અને ધાર્મિક પ્રદાનની અહીં વિગતે માહિતી આપેલ છે.

એકમ :13 પ્રાચીનયુગમાં જેમ ઉતર ભારતના રાજાઓ દ્વારા  સાંસ્કૃતિક ઉત્થાનમાં ફાળો સાપ્યો એમ દક્ષિણ ભારતના શાસકો દ્વારા ભારતની સંસ્કૃતિના ઉત્થાનને ઊંચાઈ પર લઇ ગયા. અહીં આ સમજવા માટે સંગમયુગ જાણવો જરૂરી છે. સંગમયુગીન ભાષા, સમાજ અને સાહિત્યને સમજવુ, હોય તો આ સમયે રચાયેલ સંગમ સાહિત્યનો અભ્યાસ જરૂરી છે, જે  વિશે અહીં વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

| એકમ : 11 | શુંગો – પુષ્યમિત્ર શુંગ, પશ્ચિમના ક્ષત્રપો – રૂદ્રદામન |
|---|---|

**રૂપરેખા**

11.0. ઉદ્દેશો
11.1. પ્રસ્તાવના
11.2. પુષ્યમિત્ર શુંગ
11.2.1. રાજકીય સિદ્ધિઓ
11.2.2. શાસનવ્યવસ્થા
11.2.3 ધાર્મિકનીતિ
11.2.4. સાંસ્કૃતિક વિકાસ
તમારી પ્રગતિ ચકાસો
11.3. મહાક્ષત્રપ રુદ્રદામન
11.3.1. ક્ષત્રપ શ્બ્દનો અર્થ
11.3.2. ક્ષત્રપો ના પ્રકારો
11.3.3. મહાક્ષત્રપ રુદ્રદામન
11.3.4. રુદ્રદામનના વિજયો અને સામ્રાજય વિસ્તાર
11.3.5. શાસન વ્યવસ્થા
11.3.6. રુદ્રદામનની સિદ્ધિઓ
તમારી પ્રગતિ ચકાસો
11.4. સારાંશ
11.5. ચાવીરૂપ શબ્દો
11.6. તમારી પ્રગતિ ચકાસોના જવાબો
11.7. સંદર્ભ ગ્રંથો

**11.0 ઉદ્દેશો:**

આ એકમ વાચ્યા પછી તમે

- પ્રાચીન હિંદુ ધર્મની ભારતમાં પુનરુત્થાન ભૂમિકા જાણી શકશો.
- ગ્રીક યવાનોના આક્રમણથી દેશનો બચાવ કેવી રીતે થયો
- સાહિત્ય અને કલાના ક્ષેત્રે ભારતમાં પુનઃ જાગૃતિ કેવી રીતે આવી તે માહિતી મેળવશો.
- ભારતમાં વિદેશી આક્રમણોની શરૂઆત કેમ થઈ, તે વિશે માહિતી મેળવશો.
- ભારતમાં પરાપૂર્વથી ચાલી આવતી વિવિધતામાં એકતાનો અનુભવ શકક્ષત્રપોની શાસનવ્યવસ્થા પરથી સ્પષ્ટ થાય છે તે વિશેની સમજણ કેળવવા સક્ષમ બનશો.
- વિદેશી હોવા છતાંય ભારતીય બની દેશની કરેલી સર્વાંગીણ પ્રગતિનો ખ્યાલ મેળવશો.

**11.1 પ્રસ્તાવના:**

આ પૂર્વે તમે શીખ્યા કે ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.સ. પૂ. 322) ભારતના પ્રથમ ઐતિહાસિક મનાતા રાજ્યવંશની ઈ.સ.પૂ. 322માં સ્થાપના કરી તેના પછી તેનો પુત્ર બિંદુસાર વિશાળ સામ્રાજ્યનો માલિક બન્યો. ત્યારબાદ ઈ.સ.પૂ. 269માં અશોકે સત્તા હાથમાં લીધી અને દેશભરમાં સત્તા પ્રસ્થાપિત કરી. બૌદ્ધ ધર્મનો સ્વીકાર, પ્રસાર અને પ્રચાર કરી પાડોશી દેશમાં પણ ભારતીય સંસ્કૃતિનો પ્રચાર અને પ્રસાર કર્યો; પરંતુ અશોકની વધારે પડતી ધર્મભાવનાએ લશ્કરને નિષ્ક્રિય બનાવ્યું અને અશોક પછીના રાજ્યકર્તાઓ નિર્બળ હોવાથી દેશમાં અરાજકતા ફેલાઈ અને ઘણાં પ્રાંતો સ્વતંત્ર થયાં તેમાં નિર્બળ અને અયોગ્ય એવા રાજવી બૃહદ્રથનો તેના સેનાપતિ પુષ્યમિત્રશુંગે જાહેરમાં કવાયત વખતે વધ કરીને શુંગવંશની સ્થાપના કરી. તેનો અભ્યાસ આ પ્રકરણમાં આપણે કરીશું.

ભારતની વાયવ્ય સરહદ પરથી ગ્રીક શાસનને નાબૂદ કરનાર શકો મૂળ મધ્ય એશિયાના રહીશો હતાં. સમય જતા મૂળ હૂણ યુહે- ચી. શક પહલવ જાતિઓને અરસપરસના દબાણને લીધે મૂળ જગ્યાએથી ખસી જવાની ફરજ પડી, ત્યારે શકો પૂર્વ ઈરાનના પ્રદેશમાં સ્થિર થયા. તે પ્રદેશ સમય જતા શકસ્તાન (હાલનું સિસ્તાન) કહેવાયો. અત્રે શક પ્રહલવ પ્રજાનું મિશ્રણ થયું બન્ને એ સાથે જ અફઘાનિસ્તાન તરફ પ્રયાણ કરીને ભારતીય સરદહ પર વસાહતો સ્થાપી આ બનાવ ઈ.સ. પૂ. પહેલા સૈકામાં બન્યો હોવાનો સંભવ છે. તેઓ પ્રથમ પર્શિયાના સમ્રાટના ખંડીયા હતા પરંતુ ઈ.સ. પૂર્વે પહેલા સૈકાને અંતે સિંધુ તથા પંજાબના પ્રદેશમાં તેઓએ સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં.

**11.2 પુષ્યમિત્ર શુંગ (ઈ.સ. પૂર્વે 185થી ઈ.સ. પૂર્વે 5)**

શુગવંશની સ્થાપના કરનાર પુષ્યમિત્ર ભારદ્વાજ ગૌત્રનો બ્રાહ્મમણ હતો એવી નોંધ પાણિની એ કરી છે. શૃંગ અધ્યાપકો હતા તેનો ઉલ્લેખ બૃહદારણ્યક ઉપનિષદમાં પણ જોવા મળે છે. મહાભારતના દ્રૌણાચાર્ય અને કૃપાચાર્યની જેમ પુષ્યમિત્ર પણ મૌર્ય સેનાનો બ્રાહ્મણ સેનાપતિ હતો. પુષ્યમિત્રના રાજપુરોહિત પતંજલિએ કહ્યું છે કે, ; "બ્રાહ્મણ રાજ્ય સર્વોત્તમ હોય છે, જો પુષ્યમિત્ર બ્રાહ્મણ ન હોય તો પુરોહિત આવું સ્પષ્ટ વિધાન ન કરી શકે" પુષ્યમિત્ર એ શુંગવંશની સ્થાપના કઈ રીતે કરી તે માટે ભિન્ન ભિન્ન મતો અને જુદાજુદા સાધનો ઉપલબ્ધ છે. ભારતભરમાં અશોકે કરેલો બૌદ્ધ ધર્મનો પ્રચાર રોકીને પુન: બ્રાહ્મણ ધર્મની પ્રતિષ્ઠા કરવા માટે પુષ્યમિત્રએ મૌર્ય સામ્રાજય ઉથલાવીને બ્રાહ્મણ ધર્મની પુન: પ્રતિષ્ઠા કરી તેવું બ્રાહ્મણ ગ્રંથોનું વિધાન પણ સર્વગ્રાહી માનવામાં આવતું નથી. પુષ્યમિત્ર લશ્કરી નેતા હતો અને મૌર્ય રાજવી બૃહદ્રથની નબળાઈનો લાભ ઉઠાવી, તેનો ઘાત કરીને શુંગ રાજ્યવંશનો પ્રારંભ કર્યો એવું કહી શકાય. પુરાણોમાં ૧૦ શુંગ રાજાઓ થયા હોવાનો ઉલ્લેખ કરેલ છે. છેલ્લો રાજા દેવભૂમિ વિલાસી અને વ્યસની હતો, તેના બ્રાહ્મણ પ્રધાન વાસુદેવ કણ્વે દાસીકન્યા મારફતે તેનો ઘાત કરાવ્યો અને કણ્વવંશની સ્થાપના કરી, બાણે પણ આ પ્રકારનું વિધાન કર્યુ છે.

**11.2.1. રાજકીય સિદ્ધિઓ:**

પુષ્યમિત્ર રાજગાદીએ આવ્યો ત્યારે અશોકના સમયનું વિશાળ મૌર્ય સામ્રાજ્ય છિન્ન ભિન્ન થઈ નાના નાન સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. પુષ્યમિત્રએ સત્તા પાપ્ત કરી ત્યારે તેના હાથમાં મગધ અને તેની આસપાસનો પ્રદેશ હતો મગધની સત્તાનો પુનઃવિસ્તાર કરવાનો પ્રયાસ પુષ્યમિત્રએ કર્યો. તેને કરેલાં યુદ્ધો અને મેળવેલા વિજ્યોની ચોક્કસ માહિતી મળતી નથી; પરંતુ, તેના સમયમાં ત્રણ મુખ્ય બનાવો બનેલા જણાય છે.

**1. વિદર્ભ સાથે યુદ્ધ** :

વિદર્ભમાં આ સમયે સ્વતંત્ર રાજ્ય સ્થપાયું હતું અને માલવિકાગ્નિમિત્રમાં જણાવ્યા મુજબ ગત મૌર્ય સમ્રાટના પ્રધાનનો બનેવી યજ્ઞસેના ત્યાં રાજ્ય કરતો હતો. મૌર્ય સેનાપતિ પુષ્યમિત્ર શુંગ અને આ પ્રધાનના પક્ષ વચ્ચે આ પહેલા પણ સત્તા હાથ ધરવા હરીફાઈ ચાલતી અને જયારે તેમાં પુષ્યમિત્રશુંગ સફળ થયો ત્યારે પ્રધાનને કેદ કર્યો હતો એટલે વિદર્ભના યજ્ઞસેને પોતાના સગાને મુકત કરાવવા પુષ્યમિત્ર સામે યુદ્ધ જાહેર કર્યું કુંવર અગ્નિમિત્રએ તુરંત જ યજ્ઞસેનને હરાવ્યો અને વિદર્ભને શુંગવંશના તાબા નીચે આણ્યું. યજ્ઞસેને પુષ્યમિત્રનું સાર્વભૌમત્વ સ્વીકારતા ખંડિયા રાજા તરીકે તેનું રાજ્ય પાછું સોપવામાં આવ્યુ.

**2. ગ્રીકો સામે વિજય** :

પુષ્યમિત્ર શુંગના સમયનો ખૂબ જ મહત્વનો બનાવ તેને ગ્રીક યવનોના હુમલાઓનો સામનો કરીને તેમને પાછા હાંકી કાઢયા તે ગણાય છે. મૌર્ય સામ્રાજ્યના સંધ્યાકાળ વખતે જ ગ્રીક યુવાનોએ ભારતની સરહદ પર હુમલાઓ શરૂ કરી દીધા હતા. વ્યાકરણકાર પતંજલિ, કવિ કાલિદાસ તથા ગાર્ગી સંહિતામાં પણ ગ્રીક યવનોના આ હુમલાઓનો ઉલ્લેખ છે. પતંજલિ મહાભાષ્યમાં જણાવે છે કે, ગ્રીક યવનોના મધ્યમિકા પર હલ્લો કર્યો પછી સાકેત (યુદ્ધ) તરફ આગળ વધ્યા હતા. ગાર્ગી સંહિતામાં ઉલ્લેખ છે કે, "ગ્રીકો સાંકેત, પાંચાલ અને મથુરા પર હલ્લો કર્યા. યવનોને હાંકી કાઢવા માટે પુષ્યમિત્રએ પોતાના પૌત્ર સાઉમિત્રને મોકલ્યો અને તેને સિંધુને કિનારે યવનો ને હરાવ્યા. આ વિજયની યાદગીરી માટે તેને બે અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. મહાભાષ્યકાર પતંજલિએ આ યજ્ઞમાં પુરોહિત તરીકે હાજરી આપી ડૉ. રામચંદ્ર ચૌધરી કહે છે તેમ," આ અશ્વમેધ યજ્ઞોનું બેવડું મહત્વ હતું. એકબાજુ તેને મૌર્ય સામ્રાજ્યની ભસ્મ ઉપર ઊભી થતા નવા સામ્રાજયની વાહેરાત કરી પરદેશીઓને પહેલીવાર હાંકી કાઢી આર્યવ્રતનું રક્ષણ કર્યું હતું અને બીજી બાજુએ બૌદ્ધ ધર્મની સામે નવા બ્રાહ્મણ ધર્મની ચળવળનો શંખ ફૂકાયો જે ચળવળ ગુપ્ત સમયમાં પરાકાષ્ઠાએ પહોચવાની હતી"

**3. કલિંગના ખારવેલ સામે પરાજય**:

વિદર્ભની પેલી પાર કલિંગનું સ્વતંત્ર રાજ્ય હતું અને ત્યાં ચેદીવંશનો ખારવેલ નામક બળવાન રાજવી હતો. ઉદયગિરિ પર્વતમાળામાં કોતરાવેલ ખારવેલના હાથી ગુફાના શિલાલેખમાં જણાવ્યા મુજબ, ખારવેલ રાજાએ મગધ પર ચઢાઈ કરી હતી અને પુષ્યમિત્રને હરાવ્યો હતો. ખારવેલ પુષ્યમિત્રનો સમકાલીન હતો, તેમ ઇતિહાસકારો માને છે, પરિણામે

તેને પુષ્યમિત્રને પરાજય આપ્યો હોવાનું સંભવિત છે. પુષ્યમિત્ર આ પરાજયને કારણે પૂર્વની બાજુ પોતાનું રાજ્ય ફેલાવી શકયો નહીં.

આમ પોતાના ૩૬ વર્ષના શાસનકાળ દરમ્યાન પુષ્યમિત્રશુંગે રાજ્યને સંગઠિત કરીએ શુંગ સામ્રાજય પ્રસ્થાપિત કર્યુ: તેને પોતાના સામ્રાજયનો વિસ્તાર ઉત્તરમાં પંજાબ સુધી કર્યો. મગધના નજીકના રાજ્યો કોસલ, સાકલ, માલવા તથા બરાર પણ પુષ્યમિત્ર શુંગના સામ્રાજયનો ભાગ હતા. બિહાર, ઉત્તરપ્રદેશ તથા મધ્યપ્રદેશના વિસ્તારો સાથે દક્ષિણનું વિદર્ભ પણ પુષ્યમિત્રના સામ્રાજયનો એક ભાગ હતો.

**11.2.2. શાસનવ્યવસ્થા:**

વાયુપુરાણ મુજબ પુષ્યમિત્ર પોતાના સમગ્ર સામ્રાજયને સુદ્રઢ કર્યું હતું. તેના પુત્રો અને સગાઓને સૂબાઓ તરીકે નિમ્યા હતા. રાજા વહીવટી તંત્રના કેન્દ્રમાં હતો તથા તેની સહાયતા માટે એક મંત્રી પરિષદ હતી વહીવટી માટે વિવિધ પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. મોટા ભાગે મૌર્ય વહીવટી તંત્ર મુજબ વહીવટ ચાલતો.

**11.2.3. ધાર્મિક નીતિ:**

પુષ્યમિત્ર ચુસ્ત બ્રાહ્મણ હોવાથી રાજ્યમાં બ્રાહ્મણ ધર્મનું પુન: ઉત્થાન થયું, પરિણામે મૌર્ય સમયે પ્રચલિત થયેલ બૌદ્ધ ધર્મમાં ઓટ આવી અને બ્રાહ્મણ ધર્મના ભાગવત સંપ્રદાયનું મહત્વ વધ્યું જે રાજધાનીમાં મૌર્ય સમ્રાટ અશોકે જીવહિંસા બંધ કરાવી તે રાજધાનીમા પુષ્યમિત્રએ બે અશ્વમેધ યજ્ઞો કર્યા.

પુષ્યમિત્ર શુંગને બૌદ્ધગ્રંથો અને બૌદ્ધ અનુયાયીઓ એ બૌદ્ધધર્મનું નિકંદન કાઢનાર તરીકે વર્ણવ્યો છે; પરંતુ આંગલ લેખક ઈ.બી દેવલ જણાવે છે કે, પુષ્યમિત્ર શુંગે બૌદ્ધ ધર્મીઓનું દમન કર્યુ એટલા માટે નહી કે તેને બૌદ્ધ ધર્મીઓ પ્રત્યે રાગ દ્વેષ હતો, પરંતુ એટલા માટે કે તેમનો બૌદ્ધસંઘ રાજકીય સત્તાનો કેન્દ્ર બની ગયો હતો. શુંગ સમયમાં અનેક બૌદ્ધ સ્તૂપો વિહારોના સમારકામથી સિદ્ધ થાય છે કે પુષ્યમિત્ર બૌદ્ધધર્મ વિરોધી ન હતો.

**11.2.4. સાંસ્કૃતિક વિકાસ:**

પુષ્યમિત્ર સમયમાં બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મને અનુલક્ષીને સાંસ્કૃતિક વિકાસ થયેલો જોવા મળે છે. આમ, વિદિશામાં જે કલાની વિશિષ્ટ શૈલીનો વિકાસ થયો તે શુંગ કાલીન કલા તરીકે ઓળખાય છે. આ સમયે સાંચીના સ્તૂપની કલાત્મક કમાનો અને પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યાં હતાં, તેમજ બોધિગયાના સ્તૂપની વેદિકાઓ પણ આજ યુગમાં બનાવવામાં આવી હતી. ભારહુતનો વિખ્યાત સ્તૂપ આ દરમ્યાન બંધાયો હતો. પુષ્યમિત્ર બ્રાહ્મણધર્મી હોવાથી બ્રાહ્મણ સાહિત્યને પણ ઉત્તેજન મળ્યું. તેના સમયમાં પતંજલિએ પાણિનિના વ્યાકરણગ્રંથ અષ્ટધ્યાયી ઉપર મહાભાષ્ય રચ્યું તથા મનુસ્મૃતિનું પુન:સંકલન થયું મહાભારત અને રામાયણના નવા સંસ્કરણો થયાં. તેની સાંસ્કૃતિક રાજધાની વિદિશા, કલા અને સાહિત્યિક પ્રવૃતિઓથી ધમધમતી હતી.

**તમારી પ્રગતિ ચકાસો :**

**(ક) એક વાકયમાં જવાબ આપો.**

(1) શુંગવંશના સ્થાપક કોણ હતા ?

(2) પુષ્યમિત્ર શુંગ કયા રાજાનો સેનાપતિ હતો ?

(3) મહર્ષિ પાણિનિએ શુંગોને કયા ગોત્રના બ્રાહ્મણો બતાવ્યા છે ?

(4) પુષ્યમિત્રના શાસન દરમ્યાન કયા વિદેશીઓનું આક્રમન થયું હતું ?

(5) શુંગવંશનો અંતિમ શાસક કોણ હતો ?

**(ખ) ખરું કે ખોટું તે લખો**

(1) પુષ્યમિત્ર શુંગે અંતિમ મૌર્ય સમ્રાટ બૃહદ્રથની હત્યા કરીને સત્તા પ્રાપ્ત કરી

(2) પુષ્યમિત્ર શુંગે ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવ્યા.

(3) કલિંગ શાસક ખારવેલ સાથે યુદ્ધમાં પુષ્યમિત્રે વિજય પ્રાપ્ત કર્યો હતો.

(4) પુષ્યમિત્ર શુંગના દરબારના પુરોહિત પ્રસિદ્ધ વિદ્વાન પતંજલિ હતા.

(5) વિરસેન અગ્નિમિત્રનો સેનાપતિ હતો.

## 11.3 મહાક્ષત્રપ રુદ્રદામન :

### 11.3.1. ક્ષત્રપ શબ્દનો અર્થ :

શક શાસકોમાં ભારતીય ગર્વનરોને ક્ષત્રપ કહેવામા આવતા. ક્ષત્રપ એટલે પ્રાંતનો શાસક ક્ષત્રપોના શાસનમાં આ રિવાજ હતો કે, મહાક્ષત્રપ ક્ષત્રપની સાથે રહીને જ શાસન કરતો. ક્ષત્રપ મહાક્ષત્રપનો પુત્ર હોવાથી સમય આવતા મહાક્ષત્રપનો હોદ્દો ધારણ કરતો.

### 11.3.2. ક્ષત્રપોના પ્રકારો :

સંપૂર્ણ ભારતભરમાં અનેક ક્ષત્રપો થયા, જેમનું બે ભાગમાં વિભાજન કરી શકાય.

(1) તક્ષશિલા અને મથુરાના ઉત્તરી ક્ષત્રપ

(2) મહારાષ્ટ્ર અને ઉજ્જૈનના પશ્ચિમી ક્ષત્રપ

ઉત્તરના ક્ષત્રપોમાં ચાર ક્ષત્રપો વિશે કંઈક માહિતી મળે છે; પરંતુ, પશ્ચિમના વીસ કરતા વધુ ક્ષત્રપોની માહિતી ઉપલબ્ધ છે. જેમાં ક્ષહરાટ વંશનો ભૂમક અને નહપાન, કાર્દમકવંશના ચષ્ટન, મહાક્ષત્રપ રુદ્રદામન, દામયસદ, ભતૃદામન અને વિશ્વસેન (ઈ.સ. 296-305) હતા. ત્યારબાદ રૂદ્રસિંહ બીજો અને રૂદ્રસિંહ ત્રીજા એ શાસન કર્યું. અંતે ઈ.સ. 398માં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યએ ગુજરાત સૌરાષ્ટ્ર અને માળવાનો રહ્યો સહ્યો પ્રદેશ ગુપ્ત સમ્રાજ્યમાં ભેળવી દીધો અને ઈ.સ. 78માં શરૂ થયેલા શક ક્ષત્રપોના લાંબા સમયનો અંત આવ્યો. આ ક્ષત્રપોમાં પશ્ચિમના ચષ્ટનવંશના મહાક્ષત્રપ રૂદ્રદામનનો અભ્યાસ આ પ્રકરણમાં આપણે કરીશું.

### 11.3.3. મહાક્ષત્રપ રૂદ્રદામન :

ચષ્ટન પછી તેનો પૌત્ર રૂદ્રદામન મહાક્ષત્રપ તરીકે ગાદીએ આવ્યો. ગિરનાર પાસેના તેના શિલાલેખ તથા સિક્કાઓ પરથી તેના વિશે માહિતી મળે છે. આ લેખમાં જણાવ્યા મુજબ તેનુ પાટનગર ઉજ્જૈન હતું.

### 11.3.4. રૂદ્રદામનના વિજયો અને સામ્રાજ્ય વિસ્તાર :

ગિરનારના લેખના વિવરણ મુજબ રૂદ્રદામને અનેક વિજયો પ્રાપ્ત કરી. તેણે ક્ષત્રપ રાજ્યને ઉત્તરે સિંધથી માંડી દક્ષિણે નર્મદા સુધી તથા પૂર્વમાં માળવાથી માંડીને પશ્ચિમે સૌરાષ્ટ્ર સુધી

વિકસાવ્યું હતું. આંધ્રના સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણી અથવા તેના પુત્ર પુલુમાયીને તેને હાર આપીને સાતવાહન રાજ્યનો ઉત્તરનો ભાગ કબજે કર્યો. પુલુમાવીએ પોતાની પુત્રી પરણાવીને સાતવાહન રાજ્યનો પ્રદેશ તેને પાછો સોંપી દીધો. રૂદ્રદામને દક્ષિણી પંજાબના વીર અને ગર્વશાળી યોદ્ધાઓને પણ પરાજય આપ્યો હતો. પાણિનિના વિવરણ મુજબ આ પંજાબમાં રહેવાવાળી એક ગણતંત્રિય જાતિ હતી.

સામ્રાજય વિસ્તાર :- ઈ.સ. 150ના જૂનાગઢમાં અભિલેખમાં તેના સામ્રાજય વિસ્તારની માહિતી પ્રાપ્ત થાય છે, તેણે યુદ્ધો દ્વારા પૂર્વમાળવા, પશ્ચિમ માળવા, નીમાડ, કાઠિયાવાડનો ઉત્તરી ભાગ, સૌરાષ્ટ્ર (સુરાષ્ટ્ર) સાબરમતી નદીના આજુબાજુનો પ્રદેશ, મારવાડા, કચ્છ, સિંધુ નદીના પૂર્વ અને પશ્ચિમના પ્રદેશો, કોકણનો ઉત્તર ભાગ વગેરે પ્રદેશો જીતીને પોતાના સામ્રાજયનો વિસ્તાર કર્યો.

**11.3.5. શાસન વ્યવસ્થા** :

રૂદ્રદામન એક સારો વહીવટ કર્તા પણ હતો. વિસ્તૃત રાજ્યોનું ઉત્તમ વહીવટ ચલાવવા માટે તેને બે પ્રકારના અધિકારીઓ નિમ્યા હતા.

**(1) મતિ સચિવ** : આ મંત્રીઓ રાજ્યવ્યવસ્થા ઉત્તમ ચાલે તે માટેનું આયોજન કરતા. જેમાં રાજકીય, આર્થિક, ધાર્મિક અને સામાજિક બાબતોનો સમાવેશ થતો.

**(2) કર્મ સચિવ** : મતિસચિવો દ્વારા યોજવામાં આવેલા કાર્યોનો પ્રત્યક્ષ અમલ કરવાનું કામ કર્મસચિવોનું હતું. પ્રત્યેક કામ આયોજનપૂર્વક થતું હતું. તેણે વિજયો પ્રાપ્ત કરી વિશાળ રાજ્યની પ્રસ્થાપના કરી. તે સાથે જ ઉત્તમ શાસન પણ કર્યું આમ, મંત્રી પરિષદની સહાયથી તે પોતાનો રાજ્યકારભાર ચલાવતો હતો. તેના તમામ મંત્રીઓ સર્વગુણ સંપન્ન હતા.

**11.3.6. રૂદ્રદામનની સિદ્ધિઓ** :

રુદ્રદામન વિજેતા અને ઉત્તમ વહીવટકર્તા હોવા ઉપરાંત સાહિત્ય અને કલાનો શોખીન હતો અને આશ્રયદાતા પણ હતો. તેણે ગિરનારનો શિલાલેખ સંસ્કૃતમાં કોતરાવ્યો હતો. તે પોતે સંસ્કૃતમાં રચનાઓ કરતો. વ્યાકરણ, તર્કશાસ્ત્ર, સંગીતકલા વગેરેનો ખાસ અભ્યાસી હતો. ગિરનારની પ્રશસ્તિમાં જણાવ્યાં પ્રમાણે તેણે અનેક સ્વયંવરોમાં હાજરી આપી હતી તથા અનેક રાજકુમારીઓના હાથ જીત્યા હતા. વૈશાલીની લિચ્છવીઓ, દક્ષિણના સાતવાહનો વગેરે સાથે કદર્મકુળની કન્યાઓ પરણાવી લગ્ન સંબંધો બાંધ્યા હતા અને પોતાની સ્થિતિ વધારે મજબૂત કરી હતી શકો પરદેશીઓ મટી જઈને ભારતીય બની ચૂકયા હતા. રૂદ્રદામને નિશ્ચય કર્યો હતો કે, યુદ્ધ છોડીને અન્ય સમયમાં તે કયારેય મનુષ્ય વધ નહીં કરે અને આ નિશ્ચયનુ આજીવન પાલન કર્યું હતું. તેણે ઈ.સ. 150-151માં સુવર્ણસિકતા તથા પાલાશિના નદી પરથી તૂટી ગયેલા બંધને સમરાવી ત્યાં મોટું તળાવ બંધાવ્યું. તેના સૌરાષ્ટ્ર તથા આનર્ત પ્રાંતના પહલવ સૂબા સુવિશાખે આ કાર્ય ભારે જહેમતથી પાર પાડયું. પ્રથમ ચંદ્રગુપ્ત મૌર્યએ તેના સૌરાષ્ટ્રના સૂબા પુષ્યગુપ્ત વૈશ્યના દેખરેખ હેઠળ ત્યાં સુદર્શન તળાવ બંધાવ્યુ હતું. ત્યારબાદ અશોકના યવન સૂબા નુશાષ્યે તેમાંથી નહેર કાઢી ખેડૂતોને પાણી પૂરૂં પાડ્યું રૂદ્રદામનના સમયમાં કુદરતના પ્રચંડ તોફાનથી બંધ તૂટી જતા રૂદ્રદામનની આજ્ઞાથી તેના સૂબા સુવિશાખે તેને ફરી બંધાવ્યુ. તેમાંથી

નહેરો કાઢતા ખેડૂતોને રાહત થઈ તેની પ્રશસ્તિરૂપે આ શિલાલેખ કોતરવામાં આવ્યો. રૂદ્રદામનના કથન પ્રમાણે તેને પ્રજા ઉપર વધારાનો કર નાંખ્યાં વગર અને વેઠ કરાવ્યાં વિના આ મહાકાર્ય પૂરું કર્યું. રૂદ્રદામનની ઉત્તમ શાસન વ્યવસ્થાને કારણે ઉજ્જૈન, વિદ્યા અને વૈભવ સંપન્ન બન્યું હતું. તેના શાસનકાળમાં તે કયારેય હુકુમશાહી બન્યો નહીં તેની લોકશાહીયુકત રાજાશાહી શાસનવ્યવસ્થા હતી. આ કારણે પ્રજાએ રૂદ્રદામનને પોતાનો રક્ષક રાજા માન્યો હતો. પ્રજાએ સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હોવાથી તે સમયમાં રાજ્યનો સર્વાધિક વિકાસ થયો.

**તમારી પ્રગતિ ચકાસો :**

**(ગ) ખાલી જગ્યા પૂરો.**

(1) ભારતમાં શાસન કરનાર શક ક્ષત્રપો મૂળ__________ના વતની હતા.

(2) ક્ષત્રપને __________કહેવામાં આવતું ?

(3) ક્ષત્રપોને ________અને _________ એમ બે ભાગમાં વિભાજન કરી શકાય.

(4) ક્ષત્રપોનો અંતિમ રાજા ___________ હતો.

(5) રૂદ્રદામનની રાજધાની ______________હતી.

**(ઘ) ખરું કે ખોટુ દર્શાવો.**

(1) ગિરનાર પાસેના શિલાલેખ પરથી મહાક્ષત્રપ રૂદ્રદામનના શાસન વિશે માહિતી પ્રાપ્ત થાય છે.

(2) રૂદ્રદામને ગૌતમીપુત્ર સાતકર્ણીએ હાર આપી હતી.

(3) વહીવટ ચલાવવા માટે રૂદ્રદામને સાત પ્રકારના અધિકારીઓની નિમણૂક કરી હતી.

(4) રૂદ્રદામનના સૂબા સુવિશાખે સુદર્શન તળાવનું સમારકામ કરાવ્યું.

(5) શકો પરદેશી મટી જઈ ભારતીય બની ગયાં હતાં.

**11.4 સારાંશ :**

મૌર્યવંશ પછી આવેલા શુંગવંશનું ભારતીય ઇતિહાસમાં ઘણું જ મહત્વ છે. પુષ્યમિત્ર શુંગે પરદેશી આક્રમણકારો (ગ્રીકો)ને હાંકી કાઢીને આર્યવર્તનું રક્ષણ કર્યુ અને એક સદી સુધી મગધ સામ્રાજ્યને છિન્ન ભિન્ન થતું અટકાવી મગધની અસ્મિતાને ટકાવી રાખી તેના સમયમાં બ્રાહ્મણ ધર્મને રાજ્યશ્રય મળતા તે ધર્મની પ્રતિષ્ઠા વધી અને ભાગવત સંપ્રદાયનો વિકાસ થયો. પ્રાચીન વૈદિકધર્મ અને સંસ્કૃતિને પુનઃજીવિત કરવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું. એવી રીતે મહાક્ષત્રપ રૂદ્રદામન વિદેશી હોવા છતાં ભારતીય બનીને ઉત્તમ શાસન કર્યુ તે પ્રજાહિત દક્ષ રાજા બનીને રહ્યો અને મહાક્ષત્રપ રૂદ્રદામનના નામથી ભારતીય ઇતિહાસમાં અજરઅમર બની ગયો રૂદ્રદામન પછીના ક્ષત્રપો નિર્બળ નીવડ્યા, તેથી ધીરે ધીરે સાતવાહનોએ તેમના પ્રદેશો પડાવી લીધા, ક્ષત્રપ રાજ્યએ પહેલાંની પ્રતિષ્ઠા ગુમાવી છેવટે રૂદ્રસિંહ ત્રીજાને સમ્રાટ ચંદ્રગુપ્તે લગભગ ઈ.સ. 398 માં પરાજય આપી તેના પ્રદેશો પોતાના સામ્રાજયમાં જોડી દીધા અને લગભગ 250 વર્ષના ક્ષત્રપ શાસનનો અંત આવ્યો.

**11.5. ચાવીરૂપ શબ્દો:**

મધ્યમિકા - ચિત્તોડ પાસેનું રાજ્ય.

કુસુમધ્વજ - પાટલીપુત્ર.

## 11.6. તમારી પ્રગતિ ચકાસોના જવાબો:

(ક) 1) પુષ્યમિત્ર શુંગ 2) મૌર્ય સમ્રાટ બૃહદ્રથ 3) ભારદ્વાજ ગોત્રના
4) યવનો ગ્રીકો – શાસક – મિનેન્ડર (5) દેવભૂમિ

(ખ) 1 ખરું 2 ખરું 3 ખરું 4 ખરું 5 ખરું

(ગ) 1. મધ્ય એશિયાના) 2. શક શાસકોના ભારતીય ગર્વનર
3. ઉત્તરી ક્ષત્રપ, પશ્ચિમિ ક્ષત્રપ 4. રૂદ્રસિંહ ત્રીજો 5. ઉજ્જૈની

(ઘ) 1 ખરું 2 ખરું 3 ખરું ૪ ખરું
૫ ખરું

## 11.7 સંદર્ભ ગ્રંથો


(1) જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી – ભારત દર્શન-I (ઇતિહાસ આદિયુગ) SPU જાન્યુઆરી 1982.

(2) ભારતીય ઇતિહાસ કી રૂપરેખા ભાગ- I એસ. ચંદ એન્ડ કંપની - ગુરુબક્ષસિંહ કપૂર, દિલ્હી.

(3) પ્રાચીન ભારત કા ઇતિહાસ, ડૉ. રામશંકર ત્રિપાઠી, સંપાદક – મોતીલાલ બનારસીદાસ, જવાહરનગર દિલ્હી.

(4) ભારતીય ઇતિહાસ- હરિરામ ગુપ્તા અને અન્ય. એસ. ચંદ એન્ડ કંપની.

(5) પ્રાચીન ભારત- ડૉ. શ્રીકૃષ્ણ ઓઝા, રિસર્ચ પબ્લિકેશન, દિલ્હી – 2

(6) પ્રાચીન ભારત- રોમિલા થાપર, રાજકમલ પ્રકાશન, દિલ્હી.

(7) પ્રાચીન ભારત- રાધાકુમુદ મુખર્જી, રાજ કમલ પ્રકાશન- દિલ્હી.

# એકમ – 12 કુષાણો (કનિષ્ક બીજો) , સાતવાહનો (ગૌતમીપુત્ર શાતકર્ણી), પલ્લવો.

**રૂપરેખા**


12.0 ઉદ્દેશો

12.1 પ્રસ્તાવના

12.2 સમ્રાટ કનિષ્ક

12.2.1 કનિષ્કના વિજયો અને સામ્રાજ્ય વિસ્તાર

12.2.2. શાસનવ્યવસ્થા

12.2.3. બૌદ્ધધર્મનો સ્વીકાર અને પ્રસાર :

12.2.4. સાહિત્યના વિકાસમાં યોગદાન

12.2.5. કલાનો પોષક

12.2.6. શક સંવતનો પ્રવર્તક

12.2.7. ઈતિહાસમાં સ્થાન

તમારી પ્રગતિ ચકાસો

12.3 સાતવાહનો- ગૌતમીપુત્ર શાતકર્ણી ( ઈ.સ. 106 થી 130)

12.3.1. સાતવાહનોનો ઇતિહાસ

12.3.2.ગૌતમી પુત્ર શાતકર્ણ

12.3.3.સાતવાહન વંશની સિદ્ધિઓ

તમારી પ્રગતિ ચકાસો

12.4 પલ્લવો

12.4.1 પલ્લવોનો ઇતિહાસ

12.4.2 શાસન વ્યવસ્થા

12.4.3 કલા અને સ્થાપત્ય

12.4.4 શિક્ષણ અને સાહિત્ય

12.4.5 ધાર્મિક પ્રદાન

તમારી પ્રગતિ ચકાસો

12.5 સારાંશ

12.6 ચાવીરૂપ શબ્દો

12.7 તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

12.8 સંદર્ભગ્રંથો

**12.0 ઉદ્દેશો :**

1) વિદેશી શાસક હોવા છતાંય અહીંયા આવી ભારતની સર્વાધિક પ્રગતિ કરનાર વિશે જાણશો.
2) બૌદ્ધધર્મ અંગીકાર કરીને ધર્મના નિર્માણમાં થયેલા મતમતાંતર દૂર કરવા માટે હિનયાન અને મહાયન આ બે શાખાઓનું નિર્માણ કરી જે ધર્મનો વિકાસ કર્યો, તે વિષે પરિચય જાળવશો.
3) કલા સાહિત્ય, સ્થાપત્યમાં મહત્વપૂર્ણ યોગદાન વિશે જાણશો.
4) ગાંધાર શૈલીનો વિકાસ કરી સાચા અર્થમાં શિલ્પકલા સોળ કળાઓ ખીલી ઉઠિ તેની જાણકારી પ્રાપ્ત કરશો.
5) પ્રાચીન ભારતના ઇતિહાસમાં સાતવાહનોએ લગભગ 400 વર્ષ શાસન કર્યું અને દેશમાં જે આર્થિક સમૃદ્ધિ ધર્મપરાયણતા સામાજિક વિકાસ અને સાહિત્યકલાના ક્ષેત્રમાં યોગદાન આપ્યું તે માટે આપણને ગૌરવની લાગણી હોવી જોઈએ સાતવાહનોના અભ્યાસ કરીશું તો આપમેળે ભારતીય સંસ્કૃતિની મહાનતાનો ખ્યાલ આવશે.
6) પ્રાચીન ભારતમાં દક્ષિણ ભારતના રાજ્યોના અભ્યાસ કરીને, ઉત્તરની જેમ દક્ષિણ ભારતના સર્વાંગીણ વિકાસ પર દષ્ટિક્ષેપ કરી શકશો.
7) ભારતની સાથે લંકા પર શાસન પ્રસ્તાપિત કરનાર પલ્લવોનો શકિત અને પરાક્રમો વિશે માહિતી પ્રાપ્ત કરશો.

**12.1 પ્રસ્તાવના:**

કૃષાણ જાતિ મૂળ ચીનની વાયવ્ય બાજુ વસ્તી યુહે-ચી-જાતિની એક શાખા હતી અને કનિષ્ક કુષાણ વંશનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજવી હતો. ચીનમાંથી મધ્ય એશિયા, ઈરાન, અફઘાનિસ્તાન થઈને યુહે-ચી જાતિના લોકો ભારત તરફ આવ્યાં અને ઓકસસ નદીના ખીણ પ્રદેશમાં વસ્યા આ જાતિના અહીંયા પાંચ વિભાગ પડ્યા અને દરેક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી, આમાંની એક શાખા કુષાણ તરીકે પ્રસિદ્ધિ પામી.

ઈ.સ.ના પ્રારંભમાં કુષાણવંશમાં કુજુલ કડકિસીસ નામક બળવાન રાજાએ પાંચ જાતિઓને એકત્ર કરીને હિંદના સરહદ પરના ગ્રીક તથા શક પહલવોને પરાજય આપ્યો અને ભારતની સરહદ પર અફઘાનિસ્તાન તથા સિંધુ પ્રદેશમાં સૌપ્રથમ કુષાણોએ સત્તા સ્થાપી. કુજુલ કડફિસીસના અવસાન બાદ વિમ કડફિસીસે પિતાના અપૂર્ણ કાર્યને આગળ ધપાવી પંજાબ જીતીને છેક બનારસ સુધી કુષાણ રાજ્યની સીમાને વિસ્તારી. વીમ કડફિસીસનો શાસનકાળ સામાન્ય રીતે ઈ.સ. 55 થી ઈ.સ. 78 સુધીનો ગણાય છે.

વીમ કડફિસીસ બાદ ઈ.સ 78માં કનિષ્ક પહેલો ગાદીએ આવ્યો તેના પૂર્વ જીવન વિશે કઈક ખાસ માહિતિ મળતી નથી. પરંતુ ભારતમાં આવ્યા બાદ સામ્રાજ્ય વિસ્તાર કરીને બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ દેશનો વિકાસ કર્યો.

સાતવાહનોના શાસન વિશે વૈદિક સાહિત્ય, ઐતરેય બ્રાહ્મણ, અશોકના શિલાલેખો વગેરેમાંથી માહિતી પ્રાપ્ત થાય છે. ગોદાવરી અને કૃષ્ણા નદીની વચ્ચે આવેલો પ્રદેશ આધ્ર કહેવાતો. અશોકના શિલાલેખો મુજબ આંધ્રે તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યુ હતું; પરંતુ, શાસન સ્વતંત્ર રીતે ચલાવાતું. ઈ.સ. ના પહેલા સૈકામા થઇ ગયેલ રોમન ઇતિહાસકાર કિલનીએ આંધ્રનું બળવાન રાજ્ય તરીકે વર્ણન કર્યુ છે. પુરાણો આંધ્રના સાતવાહન રાજાઓની પ્રશંસા કરે છે. સાતવાહનો કોણ હતા તે પરત્વે વિદ્વાનોમા મતભેદ છે સાતવાહન વંશનો મૂળ શાલિવાદન મનાય છે, સાતવાહન વંશ આંધ્રવેશના નામે પણ ઓળખાય છે સાતવાન શાસકોને આંધ્ર ભોજ પણ કહેવાય છે તેને બ્રાહ્મણ અને નાગજાતિનો સંયુકત સંતાન માનવામાં આવ્યો છે આ ઉપરથી તેના વંશજોએ બ્રાહ્મણ હોવાનો દાવો કર્યો હશે તેથા નાગવાતિના સંબંધને લીધે બ્રાહ્મણ ગ્રંથોએ તેમને વૃષાલ કહ્યા હશે.

કાંચીના પલ્લવોના અભ્યાસ વગર દક્ષિણ ભારતનો અભ્યાસ અધૂરો ગણાય. તુંગભદ્રાની દક્ષિણે સૌપ્રથમ બળવાન સામ્રાજયના સ્થાપકો મહાન પલ્લવો હતા અને છેક શ્રીલંકા સુધી તેઓ પોતાની વિજ્યકૂચ લઈ ગયા હતા. ઈ.સ. ચોથી સદીમાં કૃષ્ણા નદીના પ્રદેશમાં પલ્લવોએ તેમના રાજ્યની સ્થાપના કરી તેમનો છેલ્લો રાજા નવમી સદીના અંતમા થઈ ગયો. પલ્લવોના મૂળ વિશે વિદ્વાનોમાં મતભેદ છે; પરંતુ, એ વાત સ્પષ્ટ છે કે સાતવાહનોના સામંતો તરીકે કામગીરી કરતા પલ્લવો સાતવાહનોની સત્તા નબળી પડતા સ્વતંત્ર શાસક બની ગયા.

12.2.1 કનિષ્કના વિજયો અને સામ્રાજ્ય વિસ્તાર :-

---

**12.2 સમ્રાટ કનિષ્ક :**

---

**12.2.1 કનિષ્કના વિજયો અને સામ્રાજ્ય વિસ્તાર**

**(1) કાશ્મીર પર આક્રમણ**

તેને શાસનકાળના પ્રારંભમાં કાશ્મીર જીતીને કુષાણ સામ્રાજય સાથે જોડી દીધું અને ત્યાં કનિષ્કપુર (આજનું કંસપુર) નામનું શહેર વસાવ્યું હતું અને ચોથી પરિષદ કાશ્મીરમાં બોલાવી હતી કલ્હણની "રાજતરંગિણી"માં કનિષ્કના કાશ્મીર પરના શાસનનું વર્ણન છે.

**(2) મગધ સાથે યુદ્ધ**

કનિષ્કે મગધ પર આક્રમણ કરી વિજય પ્રાપ્ત કર્યો. મગધ રાજવી યુદ્ધદંડ પેટે 9 લાખ સુવર્ણ મોહરો આપવા અસમર્થ બન્યો, ત્યારે ભગવાન બુદ્ધનું ભિક્ષાપાત્ર અને બૌદ્ધ સાધુ અશ્વઘોષને પુરુષપુર લઈ ગયો હતો. શ્રી ધર્મપિટ્ટક નિદાનસૂત્ર નામક બૌદ્ધ ગ્રંથમાં આ વાતનો ઉલ્લેખ છે.

**(3) ચીન સાથે યુદ્ધ**

તેને પોતાના સામ્રાજ્યની સરહદ પર આવેલ ચીનના યારકંદ, કારાગાર, ખોતાન વગેરે પ્રદેશો જીતી લીધા. ચીની શહેનશાહ ધારણ કરે તે "દેવપુત્ર" ઇલકાબ ધારણ કરી ચીનની રાજકુમારીની હાથની માંગણી કરી તેથી તેને ચીન સાથે પણ બે વાર યુદ્ધ કરવુ પડ્યું. પ્રથમવાર કનિષ્કનો પરાજય થયો; પરંતુ, બીજીવાર વિજય પ્રાપ્ત કરી ચીનના ઘણા પ્રદેશો પર કબ્જો મેળવ્યો અને ઘણા ચીનીઓને કેદી પણ બનાવ્યાં.

**(4) સાકેતની જીત**

ચીન અને તિબેટની અનુશ્રુતિઓમાંથી તેનાં સાકેત (અયોધ્યા)ની જીતની માહિતી પ્રાપ્ત થાય છે.

**(5) શક ક્ષત્રપો સાથે યુદ્ધ**

કનિષ્કે મથુરાના શકક્ષત્રપો સાથે યુદ્ધ કર્યું અને એ પ્રદેશોમાંથી તેમની બચેલી તાકતને પણ ખલાસ કરી નાંખી ત્યાંથી તે દક્ષિણ તરફ આવ્યો અને માળવા તથા ગુજરાતના શકક્ષત્રપોને હરાવ્યા.

આમ તેની લશ્કરી કારકીર્દી જોતા સ્પષ્ટ થાય છે કે, તે મહાન વિજેતા હતો તેથી જ વિશાળ સામ્રાજ્યનો સર્જન કરી શક્યો. તે પહેલો વિદેશી શાસક હતો જેનું સામ્રાજય ઉત્તરે ખોતાનથી માંડી દક્ષિણે કોંકણ સુધી તથા પશ્ચિમે ખોરસ્તાનથી માંડી પૂર્વમાં બિહાર સુધી વિસ્તાર પામ્યું હતું.

**12.2.2 શાસનવ્યવસ્થા:**

કનિષ્ક એક કુશળ વ્યવસ્થાપક પણ હતો. પોતાના વિશાળ સામ્રાજયમાં ઉત્તમ વહીવટ ચલાવવા માટે તેને સામ્રાજ્યનું પ્રાંતોમાં વિભાજન કરી કાર્યક્ષમ ક્ષત્રપો નિમ્યા હતા. કનિષ્કના સામ્રાજ્યની બે રાજધાનીઓ હતી. પ્રથમ રાજધાની પુરૂષપુર (પેશાવર)થી મધ્યએશિયા અને ઉત્તર પશ્ચિમના ભારતના ભાગો પર શાસન ચલાવતો. બીજી રાજધાની મથુરા થી મધ્યભારત તથા પૂર્વભારતના પોતાના પ્રદેશોનો વહીવટ સંભાળતો હતો. સારનાથના કનિષ્કના અભિલેખ પરથી સ્પષ્ટ થાય છે કે કનિષ્કે મગધ વિસ્તારમાં ખરપલ્લાન તથા વનસ્પરને મહાક્ષત્રપ તથા ક્ષત્રપ તરીકે નિયુકત કરેલા હતા. તેના ઉત્તરી સામ્રાજ્યમાં દંડનાયક તરીકે લલ અને મહાક્ષેત્રપ તરીકે વેસ્યાસી તથા લિયાની નિમણુંક કરી હતી ઈતિહાસકાર વી.એ સ્મિથના મત મુજબ "મહારાષ્ટ્રનો ક્ષત્રપ નહપાન તથા ઉજ્જૈનનો ક્ષત્રપ ચષ્ટન કનિષ્કના સામંતો જ હતા અને જેમણે આગળ જતા સ્વતંત્ર થવાના પ્રયોસો કર્યા.

**12.2.3 બૌદ્ધધર્મનો સ્વીકાર અને પ્રસાર:**

બૌદ્ધ સાધુ અશ્વઘોષના પ્રભાવથી કનિષ્ક બૌદ્ધધર્મનો અનુયાયી બન્યો, તેને બીજો અશોક માનવામાં આવે છે. બૌદ્ધધર્મના અંગીકાર પછી તેને અશોકની જેમ જૂના બૌદ્ધમઠો સ્તૂપો અને વિહારો સમરાવ્યા અને નવા બંધાવ્યા. પોતાની રાજધાની પુરૂષપુરમાં 400 ફૂટ ઊંચો અને 13 મજલાવાળો લાકડાનો સ્તૂપ બંધાવ્યો. ચીન, તિબેટ, જાપાન વગેરે દેશોમાં પણ બૌદ્ધધર્મનો ફેલાવો કર્યો.

કનિષ્કે બૌદ્ધધર્મમાં પ્રવેશેલા મતમતાંતરો દૂર કરવા પાશ્વનાથના સાધુની સલાહથી વસુમિત્રના અધ્યક્ષ પદે કાશ્મીરના કુંડલવન ખાતે ચોથી પરિષદ બોલાવી જેમાં 500 જેટલા બૌદ્ધ સાધુઓ હાજર રહ્યા હતા. ચર્ચાના અંતે "મહાવિભાષા" નામનો ગ્રંથ લખાયો અને મત વિભાજનના કારણે બૌદ્ધધર્મના હિનયાન અને મહાયાન નામના બે પંથો પડયા. કનિષ્કે મહાયાન સંપ્રદાય સ્વીકાર્યો અને તેની સાથે જ ગૌતમ બુદ્ધની મૂર્તીઓ બનાવવાની શરૂઆત થઈ કનિષ્ક પોતે બૌદ્ધધર્મી હોવા છતાં બીજા ધર્મો પ્રત્યે સહિષ્ણુ હતો. તેથી, બૌદ્ધધર્મીઓ તેને બીજો અશોક તરીકે ઓળખે છે.

**12.2.4 સાહિત્યના વિકાસમાં યોગદાન**

કનિષ્કના દરબારમાં અનેક વિદ્વાનો અને સાધુઓનુ મહત્વપૂર્ણ સ્થાન હતું. બૌદ્ધ વિદ્વાનો પાશ્વ, વસુમિત્ર અને અશ્વઘોષ તેના દરબારને શોભાવતા હતા. અશ્વઘોષ કવિ, નાટ્યકાર, સંગીતજ્ઞ, દાર્શનિક અને પ્રચારક હતો. તેણે બુદ્ધચરિત્ર સૌન્દરાનંદ, સૂત્રાલંકાર, સારીપુત્રપ્રકરણ વગેરે કૃતિઓની રચના કરી. નાગાર્જુન એ 20 જેટલા બૌદ્ધ ગ્રંથો લખ્યા તેમાં માધ્યમિક સૂત્ર "પરાજનાપારમિત્રસૂપ" વિશેષ જાણીતા છે. આયુર્વેદનો પ્રણેતા ચરક અને તેનો ગ્રંથ ચરક સંહિતા આજ પણ આયુર્વેદમાં માનીતો છે.

**12.2.5 કલાનો પોષક** :

કનિષ્કના સમયમાં ભારતીય શિલ્પકલાને વેગ મળ્યો અને ગાંધાર શૈલીની શરૂઆત થઈ. આ શૈલીમાં ગ્રીક અને ભારતીય કલાનો સંગમ થયેલો જોવાં મળે છે. કનિષ્કે મથુરામાં ચૈત્યો, મઠો, વિહારો બંધાવીને તેને સુંદર રીતે શણગાર્યા હતા. કનિષ્કના સમયની અનેક બૌદ્ધ અને જૈન મૂર્તિઓ મળી આવી છે.

તેણે અનેક પ્રકારના સ્થાપત્યો ઊભા કરાવ્યાં હતાં. તેણે પેશાવર નજીક 400 ફૂટ ઊભો અને 13 મજોલાવાળો લાકડાનો સ્તૂપ બંધાવ્યો હતો કનિષ્કના સમયમાં થયેલી આ શિલ્પકલા ઉપર વિદેશી અસર સારા પ્રમાણમાં હતી એટલે જ તેના પ્રત્યાઘાતરૂપે ભારતીય દેવી દેવતાઓની મૂર્તીઓ બનવા માંડી હતી અને આ રીતે શુદ્ધ ભારતીય કલા અસ્તિત્વમાં આવી.

**12.2.6 શકસંવતનો પ્રર્વતક**:

કનિષ્ક તેના રાજ્યરોહણના વર્ષ ઈ.સ. 78 ની યાદમાં શકસંવતનો પ્રારંભ કર્યો હોવાનું ઇતિહાસકાર માન્ય રાખે છે તેના પછી તેના અનુયાયીઓ એ પણ આ સંવત ચાલુ રાખી હતી. તેથી કનિષ્કને શકસંવતનો પ્રવર્તક માનવામાં આવે છે.

**12.2.7 ઇતિહાસમાં સ્થાન** :

કનિષ્કની સમગ્ર કારકિર્દી જોતા કહી શકાય છે કે, તેનામાં ચંદ્રગુપ્ત મૌર્યની વીરતા અને સમ્રાટ અશોકની ધર્મધગશ હોવાથી પ્રાચીન ભારતના ઇતિહાસમાં તે મહત્વનું સ્થાન ધરાવે છે. પરદેશી હોવા છતાં તે બૌદ્ધધર્મનો સરંક્ષક અને પ્રચારક બન્યો હતો અને ભારતમાં વિશાળ રાજ્યનું સર્જન કર્યું હતું. તે વિદ્યા અને કલાનો પોષક હતો તેમજ સાહિત્યને ઉત્તેજન આપ્યુ હતુ તેનો રહસ્યમંત્રી, સંઘરક્ષક રાજ્યમંત્રી માકર, અને ગ્રીક ઇજનેર એજીસીલએ તેના રાજ્યની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. તે ગાંધાર કલાનો આશ્રયદાતા હતો અને શક સંવતનો પ્રવતક હતો. તેથી ભારતીય ઈતિહાસની ક્ષિતિજ માં કનિષ્કનુ નામ સદાય ઉજ્જવળ રહેશે.

**તમારી પ્રગતિ ચકાસો** :

**(ક) ખાલી જગ્યા પૂરો.**

1) સમ્રાટ કનિષ્ક ______________વંશના શાસક હતા.
2) કુષાણ વંશનો પ્રથમ શાસક ______________ હતો.

3) કનિષ્કના રાજકવિ ____________ વિશ્વ પ્રસિદ્ધ વિદ્વાન હતા.
4) કુષાણકાળમાં કલાનું મુખ્ય કેન્દ્ર _____________નગર હતું.
5) કનિષ્કના શાસનકાળમાં બૌદ્ધ ધર્મની ___________શાખાનો વિકાસ થયો હતો.

**(ખ) ખરું કે ખોટુ દર્શાવો.**

1) સમ્રાટ કનિષ્કના રાજવૈદ્ય આચાર્ય ચરક હતા.
2) કનિષ્કની રાજધાની પાટલીપુત્ર હતી.
3) કનિષ્કના રાજ્યરોહણની તિથિ ઈ.સ. 88 માનવામાં આવે છે.
4) કનિષ્કમાં સમયના ગાંધાર શૈલીનો વિકાસ થયો.
5) કનિષ્કે પેશાવર નજીક 400 ફૂટ ઊંચો અને 13 મજલાવાળો લાકડાનો સ્તૂપ બંધાવ્યો હતો.

---

## 12.3 સાતવાહનો- ગૌતમીપુત્ર શાતકર્ણી ( ઈ.સ. 106 થી 130)

---

### 12.3.1 સાતવાહનોનો ઇતિહાસ:

સાતવાહન રાજ્યવંશમાં 30 રાજાઓ થયા તેમા મુખ્ય રાજાઓ સિમુક શાતકર્ણે 1લો ગૌતમી પુત્ર શાતકર્ણી તથા વસિષ્ઠી પુત્ર પુલમાવી મનાય છે.

આંધ્રના નાના નાના રાજ્યને સિમુકે મહારાજ્ય બનાવ્યુ, તેથી સાતવાહનવંશ આંધ્રવંશના નામે પણ ઓળખાય છે. સાતવાહન શાસકોને આંધ્રભોજ પણ કહેવાય છે. તેણે મગધના છેલ્લાં કણ્વરાજા સુશર્માને હરાવીને મગધને આંધ્રસમ્રાજ્યમાં ભેળવી દીધું તે ઈ.સ.પૂર્વે 30ની આસપાસ થયો હોવાનો સંભવ છે. અશોકના શિલાલેખના આધારે કહી શકાય કે સિમુક પહેલાં આશરે 250 વર્ષોથી સાતવાહન રાજ્ય અસ્તિત્વમાં હતું.

પુરાણોના ઉલ્લેખ પ્રમાણે સિમુક પછી તેનો ભાઈ કૃષ્ણ ગાદીએ આવ્યો. ત્યારબાદ સિમુકનો પુત્ર શ્રી શાતકર્ણી શાસક બન્યો. નાનાઘાટ શિલાલેખના કથન પ્રમાણે આ રાજવી શક્તિશાળી હતો. દક્ષિણ પંથનો સ્વામી કહેવાતો. તેની રાજધાની પ્રતિષ્ઠાન હતી તેના મૃત્યુ બાદ બે બાળ પુત્રો હોવાથી તેની રાણી નૈનીતાએ થોડો સમય વહિવટ ચલાવ્યો સાતવાહનવંશમાં આ પ્રથમ સ્ત્રી રાજ્યકર્તા હતી. ધીરે ધીરે ક્ષત્રપોએ સાતવાહન સમ્રાજ્ય પર કબજો મેળવ્યો.

### 12.3.2ગૌતમીપુત્ર શાતકર્ણી :

સાતવાહન રાજ્યે ગુમાવેલી પ્રતિષ્ઠા ગોમતીપુત્ર શાતકર્ણીએ પાછી મેળવી અને વિશાળ રાજ્યનું સર્જન કર્યું: પુરાણોએ આપેલાં નામોના આધારે ગોતમી પુત્ર શાતકર્ણી 23મો આંધ્રરાજા હોવાનું મનાય છે નાસિકના એક લેખમાં જણાવ્યા પ્રમાણે, તે ઘણો પ્રતાપી રાજા હતો. તેણે શકો પહલવો, યવનો અને ક્ષત્રિયોનો નાશ કરીને વિશાળ સામ્રાજ્યનું સર્જન કર્યુ. ગૌતમીપુત્ર શાતકર્ણી પછી તેનો પુત્ર વસિષ્ઠ પુલુયામી ગાદીએ આવ્યો. ત્યારબાદ વશિષ્ઠી પુત્ર શાતકર્ણીને ગાદી પ્રાપ્ત થઈ. આ વંશનો છેલ્લો રાજા યજ્ઞશ્રી મનાય છે. તેના વારસદારો નબળા નીવડ્યા અને સાતવાહનોનું રાજ્ય વાકાટકો, અભિરો, ગંગો અને પલ્લવોએ કબજે કર્યું.

ગૌતમી બલશ્રીના અભિલેખ મુજબ ગૌતમીપુત્ર સુંદર અને ઉચ્ચ ચારિત્રય ધરાવતો રાજવી હતો. તે દાનવીર હતો. બ્રાહ્મણોની જેમ બૌદ્ધ અને અન્ય ધર્મીઓને પણ દાન આપતો.

અભિલેખમાં તેણે રામ, કેશવ, અર્જુન, ભીમસેન, અમ્બરીશ, ગરૂડ, સિદ્ધ, યજ્ઞ, ચન્દ્ર આદિ નક્ષત્રો અને નવગ્રહોની જેમ કહેવામાં આવ્યું છે. એને મેળવેલા વિજયોથી તે આ પ્રશંસાને પાત્ર ગણાય છે. તે પોતાની માંનો આજ્ઞાકારી પુત્ર હતો. તેણે ગુણવાન વ્યકિતને રાજ્યશ્રય આપ્યો. એના સમયે કર યોગ્ય પ્રમાણમાં આકરવામાં આવતો. તેથી, પ્રજા સુખી હતી અને ખેતી વાણિજ્ય તથા વેપારનો વિકાસ થયો હતો. રાજ્યમાં સમૃદ્ધિ  હતી ગૌતમીપુત્ર શાતકર્ણી પછી તેનો પુત્ર વસિષ્ઠ પુલચામી ગાદીએ આવ્યો ત્યાર બાદ વસિષ્ઠ પુત્ર શાતકર્ણીને ગાદી પ્રાપ્ત થઇ.

**વિજયો–** ગૌતમીપુત્ર શાતકર્ણીએ નહુપાતને પરાજય આપી તેના પાસેથી આંધ્રસામ્રાજ્યનો અગાઉનો પ્રદેશ પાછો મેળવ્યો. નાસિકના લેખ મુજબ તેણે કૃષ્ણા અને ગોદાવરી નદી વચ્ચેના પ્રદેશ ઉપરાંત, સૌરાષ્ટ્ર, ઉત્તર કોંકણ, નર્મદા નદીની ઉપરનો પ્રદેશ વિદર્ભ માળવા પૈઠણ વગેરે જીતી લીધા હતાં.

આ જ લેખમાં તેને વિધ્યવિ ત્રાવેણલેર તથા પૂર્વઘાટથી પશ્ચિમઘાટ સુધીના પ્રદેશોનો સ્વામી કહેવામાં આવે છે તેમજ ત્રણ સમુદ્રના પાણી પીનારનો ખિતાબ આપવામાં આવ્યો છે. તે પરથી તેના વિશાળ સામ્રાજ્યનો ખ્યાલ આવે છે.

**12.3.3 સાતવાહન વંશની સિદ્ધિઓ** :

**(1) શાસનવ્યવસ્થા** :

સાતવાહનોનો શિલાલેખો સિક્કાઓ, પુરાણો અને જૈનગ્રંથોમાંથી સાતવાહન રાજ્યના વહીવટ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. લચભગ ઈ.સ.પૂર્વના બીજા સૈકાથી ઇ.સ.ના બીજા સૈકા સુધી એટલે કે 400 વર્ષ સુધી હાલના મહારાષ્ટ્રપ્રદેશમાં શાસન ચલાવનાર સાતવાહન રાજ્યનું પ્રાચીન ભારતીય ઇતિહાસમાં ખાસ મહત્વ છે તેમનુ પાટનગર પ્રતિષ્ઠાન (પૈઠાણ) હતું. નાશિક રાજ્યના વહીવટિય સરળતા ખાતર યોગ્ય વિભાગો પાડવામાં આવ્યાં હતાં. પ્રાંતને આહાર કે જનપદ કહેતા. અધિકારીઓ જુદા જુદા સમયમાં જુદા જુદા નામે ઓળખાતા. ઇતિહાસકાર પ્લીનીએ આંધ્ર રાજ્યને બળવાન રાજ્ય તરીકે ઓળખાવ્યુ છે. તેના કહેવા મુજબ ગૌતમી પુત્ર શતકર્ણીના સમયમાં આંધ્રરાજ્યમાં 30 કિલ્લાવાળા શહેરો 1,00,000નું પાયદળ, 2000 હયદળ અને 1000 હાથીઓ હતાં; પરંતુ, લશ્કરી તાકાત નબળી પડતા સાતવાહન સામ્રાજ્યના ભાગલા પડયા અને સત્તા ક્ષીણ બની ગઈ.

સાતવાહનોના મોટાભાગના સિક્કાઓ ચાંદી અને તાંબાના હતા, જેને કાર્બા પણ કહેવામા આવતું. સોનાના સિક્કાને 'સુવર્ણ' કહેતા.

**(2) આર્થિક સ્થિતિ** :

સાતવાહન રાજ્યમાં આર્થિક સમૃદ્ધિ હતી. શિલાલેખો અને સિક્કાઓના અભ્યાસ પરથી કહી શકાય કે પૂર્વ તથા પશ્ચિમ કિનારના બંદરોથી દેશપરદેશ સાથે વેપાર ચાલતો. હિંદમાથી મલમલ તથા સુતરાઉ કાપડની નિકાસ થતી, જયારે કિંમતી વસ્તુઓ સુંગધિત દ્રવ્યો વગેરે પરદેશથી આયાત થતા. પૈઠણ, નાસિક, કલ્યાણ, સૂર્યારક વૈજયન્તી નિદિશા ભુગુકચ્છ વગેરે વ્યાપાર ઉદ્યોગના મુખ્ય કેન્દ્રો હતા. સામાન્ય લોકોની સ્થિતી વિશે ખાસ માહિતી મળતી નથી; પરંતુ, વ્યાપાર વર્ગ ઘણો શ્રીમંત હતો, કારણ કે  શિલાલેખમાં દાન આપ્યો હોવાનો ઉલ્લેખ મળે

છે ઉદ્યોગના અલગ સંઘો હતા, તેમજ સહકારી ધોરણે આર્થિક પ્રવૃતિઓ ચાલતી. રાજ્યભરમાં ધોરીમાર્ગો હતા, જે ઉત્તર- દક્ષિણ તથા પૂર્વ – પશ્ચિમ મુખ્ય કેન્દ્રોને જોડતાં. મુસાફર તથા વેપારની સલામતી માટે ખાસ વ્યવસ્થા હતી.

(3) **સામાજિક સ્થિતિ** :

સાતવાહન રાજવીઓએ વર્ણવ્યવસ્થા તેમજ આશ્રમ વ્યવસ્થા પર ભાર મૂક્યો હતો. શિલાલેખની નોંધ મુજબ ગૌતમીપુત્ર શાતકર્ણી એ જ વર્ણવ્યવસ્થા અને આશ્રમ વ્યવસ્થાની સ્થાપના કરી, તેમજ બ્રાહ્મણોની શક્તિ અને પ્રભુત્વને પુનઃ પ્રસ્થાપિત કર્યું. ચાતુવર્ણ સિવાય પણ વધારાના અનેક વ્યવસાયોના આધારે અનેક નવા વર્ણોનો ઉદય આ સમયે થયો. જેમાં પ્રથમ વર્ણમાં રાજા, મહાભોજ, મહારથી, મહાસેનાપતી વગેરે હતા. બીજા વર્ણમાં અમાત્યો, મહામંત્રી, સાર્થવાહો વગેરે હતા ત્રીજા વર્ગમાં વૈદ્યો, લેખકો, સુવર્ણકારો, કૃશકો વગેરે હતા. ચોથા વર્ગમાં વણકરો, સુથારો, લુહારો, માછીમારો વગેરે આવતા. સમાજ પિતૃસત્તાત્મક હોવા છતાં સાતવાહનોમાં માતૃસત્તાત્મકતા વધારે પ્રબળ હતી સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચુ હતુ. પડદા પ્રથાનું પ્રચલન ન હતું. સ્ત્રીઓને ધાર્મિક સ્વતંત્રતા પણ પ્રાપ્ત હતી.

શિક્ષણ સાહિત્ય કલા અને સ્થાપત્યતા ક્ષેત્રે સાતવાહનોનું મહત્વપૂર્ણ યોગદાન છે. વિદ્યાર્થીઓને ભૌતિક અને ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું અધ્યાપકોને રાજ્ય તથા ધનિકો તરફથી અનુદાન પ્રાપ્ત થતું હતું. પ્રાકૃત ભાષા તથા બ્રાહ્મી લિપિનો વિકાસ થયો હોવાથી સાહિત્ય ક્ષેત્રે પણ "કાતંગ નામે  પ્રાકૃત ભાષાના વ્યાકરણ ગ્રંથ" – સર્વવર્મને બૃહત્કથા – ગુણાઢયે તેમજ બૌદ્ધ વિદ્વાન નાગાર્જુને સંસ્કૃતમાં અનેક રચનાઓ કરી હતી. સ્થાપત્ય અને કલામાં 30 કિલ્લાવાળા શહેરો અને નગરોને પણ કોટથી સંસ્થિત કરવામાં આવ્યાં હતાં. અનેક સ્તૂપો ચૈત્યો અને મંદિરોનુ નિર્માણ આ સમયે થયુ હતુ, નાસિક અને કાન્હેરીમાં સુંદર ચૈત્યોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

(4) **ધાર્મિક સ્થિતિ** :

સાતવહનના સમયમાં દક્ષિણ ભારતમાં બ્રાહ્મણધર્મ અને વૈદિકધર્મની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. સાતવાહનોના અભિલેખોમાં ઇન્દ્ર, મિત્ર, વરૂણ, વાયુ તથા અગ્નિ જેવા વૈદિક દેવતાઓ તથા અશ્વમેઘ વાજપેય જેવા વૈદિક યજ્ઞોનો ઉલ્લેખ છે. સમાજમાં વર્ણાશ્રમ વ્યવસ્થાનું પાલન ચુસ્તતાથી તથા બ્રાહ્મણોને મોટાપાયે દાન, ભેટો તથા દક્ષિણાઓ પ્રાપ્ત થવા લાગી. વૈષ્ણવ તથા શૈવ ધર્મનો પ્રચાર પણ આ સમયમાં થયો. સાતવાહન રાજાઓ એકંદરે ધર્મ સહિષ્ણુ હતા બૌદ્ધધર્મના સ્તૂપો ગુફાઓ તથા વિહારો બનાવવા માટે ભૂમિદાન અને આર્થિક મદદ કરવામાં અવતી.

**તમારી પ્રગતિ ચકાસો** :

**(ગ) ખાલી જગ્યા પૂરો .**

1. સાતવાહન વંશનો સ્થાપક ____________ હતો.
2. સાતવાહન રાજ્ય વંશના મોટાભાગના સિક્કાઓ ____________ના હતા.

3. ____________ને વેદોના આશ્રયદાતા કહેવામાં આવે છે.
4. સાતવાહન શાસક ____________ એ શકો, યવનો, પલ્લવો તથા ક્ષહરાતોને પરાજિત કર્યાં હતા.
5. સાતવાહન શાસકોનો ઇતિહાસ મુખ્યત્વે __________ અને __________ પુરાણમાંથી જાણવા મળે છે.

**(ઘ) ખરું ખોટું દર્શાવો.**

1. સાતવાહનો મૂળ મહારાષ્ટ્રના વતની હતા.
2. સાતવાહનોની રાજધાની પ્રતિષ્ઠાન (પૈઠાણ) હતી.
3. ગૌતમીપુત્ર શાતકર્ણીને ત્રણ સમુદ્રના પાણી પિનારનો ખિતાબ આપવામાં આવ્યો છે.
4. ગૌતમીપુત્ર શાતકર્ણી 24 મો આંધ્રત્મોજ હોવાનું મનાય છે.
5. સાતવાહનોનો દેશવિદેશો સાથે ધમધોકાર વ્યાપાર ચાલતો.

---

**12.4 પલ્લવો :**

---

**12.4.1 પલ્લવોનો ઇતિહાસ :-**

ગુંટુરથી પ્રાપ્ત થયેલ પ્રાકૃત અને સંસ્કૃત અભિલેખોમાં અનેક પલ્લવ શાસકોના નામ પ્રાપ્ત થાય છે. જેમાં મુખ્ય પ્રભાવશાળી શાસક શિવસ્કંદવર્મન હતો તે ભારદ્વાજ ગોત્રીય બ્રાહ્મણ રાજા હતો. તેણે અનેક યજ્ઞો કરાવ્યા હતા, અને પોતાની રાજધાની કાંચીપુરમને બનાવી. આ પછી સિંહવિષ્ણુ (ઇ.સ 575-600) નામક મહાપ્રતાપી રાજા થયો તેણે ચોલ, મલય, કલભ્ર, માલવ, પાંડય, સિંહલ તથા કેરલના રાજ્યોને હરાવીને સામ્રાજય વિસ્તાર કર્યો હતો. ત્યારબાદ પ્રતાપી રાજા મહેન્દ્રવર્મન પ્રથમ (ઈ.સ. 600-630) એક સર્વગુણ સંપન્ન શાસક હતો. ચાલુક્યો સાથે તેમના સમયમાં યુદ્ધો થયા હતા ત્યારબાદ નરસિંહવર્મન "મહામલ્લ" પ્રથમ ( ઇ.સ. 630-668) સત્તા પર આવ્યો, તેણે પુલકેસી દ્વિતીયને હરાવીને ચાલુક્ય ક્ષેત્રો પર સત્તા જમાવી હતી. ત્યારબાદ પરમેશ્વર વર્મન પ્રથમ (ઈ.સ. 670-695) અંતિમ પ્રતાપી રાજા હતો, ત્યારબાદ આવેલા શાસકો આયોગ્ય નીવડ્યા અને છેલ્લો પલ્લવ રાજા અપરાજિત વર્મને (ઈ.સ. 879-897) ચોલ રાજા આદિત્ય પહેલાએ ઈ.સ. 897 માં પરાજિત કર્યો અને આ સાથે પલ્લવોની સત્તાનો અસ્ત થયો.

**12.4.2 શાસનવ્યવસ્થા:-**

પલ્લવોના તામ્રલેખો, વૈકુંઠપેરૂમણી મંદિર અભિલેખો, કશાકુંડી દાનપત્ર વગેરેમાંથી શાસનવ્યવસ્થાની ઘણી બધી માહિતી મળે છે.

રાજા :- રાજા સર્વોચ્ચ શાસક હતો. રાજ્યના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરતો એ યુદ્ધ સંચાલન કરતો તેમજ પ્રજા કલ્યાણના કાર્યો પણ કરતો પલ્લવ રાજવીઓ મહારાજ, ધર્મમહારાજ, મહારાજાધિરાજ વગેરે બિરૂદો ધારણ કરતા.

મંત્રીમંડળ :- વહીવટીતંત્રના રોજબરોજના કાર્યોમાં મદદરૂપ કરવા તેમજ વહીવટી બાબતોમાં સલાહ આપવા એક મંત્રીમંડલ હતું. વહીવટી અનુકૂળતા માટે સામ્રાજ્યને અનુક્રમે રાષ્ટ્ર, વિષય, કોટ્ટમ અને ગ્રામમા વિભાજીત કરવામાં આવ્યુ હતુ રાજ્યમાંથી કર ઉઘરાવવા માટે મંડપી

નામના અધિકારીની, જળાશયોની દેખરેખ રાખવા માટે તીર્થિક નામના અધિકારીની અને જંગલોની જાળવણી માટે ગુમિક નામના અધિકારીઓની નિમણૂક થતી પલ્લવ રાજવીઓ પાસે સુસજ્જ વિશાળ સેના પણ તૈનાત હતી.

**12.4.3 કલા અને સ્થાપત્ય:-**

કલાના ક્ષેત્રમાં શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રે પલ્લવોના યુગ દરમ્યાન અભૂતપૂર્વ પ્રગતિ થઈ હતી. પ્રોફેસર પર્સી બ્રાઉન લખે છે કે "દક્ષિણ ભારતમાં જે મહાન સત્તાઓ થઈ તેમાં કોઈ સત્તાએ શિલ્પ અને સ્થાપત્યની કલા ઉપર પોતાની અસર દર્શાવી નથી જેટલી પલ્લવ યુગની શિલ્પ અને સ્થાપત્ય કલાએ બતાવી છે, પલ્લવ યુગની કલાએ દ્રવિડ શૈલીનો પાયો નાખ્યો, " પલ્લવ યુગમાં સ્થાપત્યની ચાર શૈલીનો વિકાસ થયો.

1. મહેન્દ્ર શૈલી :- પલ્લવ સમ્રાટ મહેન્દ્ર વર્મન પહેલાએ મોટા પહાડમાંથી કોતરીને ભૈરવકાંડ, ઉન્દવિલ, મહેન્દ્રવાડી વગેરે મંદિરોનુ નિર્માણ કરાવ્યું, જેને ગુફામંદિર કહેવામાં આવે છે. આર્કોટ જિલ્લામાં આ સમયનું એક સુંદર ગુફામંદિર મળી આવ્યું છે.
2. મામલ્લ શૈલી :- આ શૈલીનો નિર્માતા સમ્રાટ મહામલ્લ નરસિંહ વર્મન હતો. ત્રિમૂર્તી વરાહ, દુર્ગા વગેરે દેવ દેવીઓની મૂર્તિઓ અને પાંચ પાંડવોનો રથમંદિરો આ શૈલીના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. પ્રત્યેક રથ મંદિર એક જ વિશાળ પથ્થરમાંથી કોતરીને બનાવવામાં આવ્યા છે, જે દ્રવિડ શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે.
3. રાજસિંહ શૈલી : આ શૈલીનો નિર્માતા નરસિંહ વર્મન બીજો અથવા રાજસિંહ હતો, આ શૈલીમાં પથ્થર અને ઈંટો વડે મંદિરો બનાવવામાં આવ્યાં છે. આજે પણ જીર્ણ અવસ્થામાં ઊભેલું કાંચીનું કૈલાશ મંદિર અને પિરૂમલ મંદિર તેની બાંધણી અને શિલ્પની કોતરણી માટે જાણીતું છે.
4. અપરાજિત શૈલી :- પલ્લવ વંશનો છેલ્લો રાજવી અપરાજિત વર્મન આ શૈલીનો નિર્માતા હતો. આ શૈલીનું મુખ્ય ઉદાહરણ એટલે પોંડેચેરી પાસે આવેલું વેલુરનું બહુર- મંદિર. આ શૈલીમાં ચોલોનું અનુકરણ કરવામાં આવ્યું છે.

**12.4.4 શિક્ષણ અને સાહિત્ય :-**

પલ્લવોની રાજધાની કાંચી, તે સમયે વિદ્યા અને વિદ્વાનોનું કેન્દ્ર હતું ઉત્તર ભારતમાંથી ઘણા વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા માટે આવતાં હતાં. વેદોના અધ્યયન માટે કાંચી નગરી પ્રખ્યાત હતી. જૈન અને બૌદ્ધ ધર્મના લોકો પણ જ્ઞાનાર્જન માટે અહીં આવતાં હતાં ફકત કાંચીમાં જ નહીં પણ સામ્રાજ્યભરમાં શિક્ષણનો ફેલાવો થયેલો હતો, જે એક તામ્રલેખ દ્વારા જાણવા મળે છે. એક ગામમાં લગભગ 108 જેટલા કુટુંબો વેદપાઠી હતાં અને મહાભારતને કંઠસ્થ સંભળાવવા માટે સમ્રાટ પરમેશ્વર વર્મને તેમને પારિતોષિક આપ્યું હતું. પલ્લવ સમ્રાટોનો દરબાર કવિઓ અને વિદ્વાનોથી શોભતો હતો. "કિરાતાર્જુનિયમ"નો કર્તા ભારવી અને "દશકુમારચરિત"નો કર્તા દંડિ પલ્લવ રાજદરબારને શોભાવતા હતા. પલ્લવ રાજવી મહેન્દ્ર વર્મન ઉચ્ચકોટિનો સાહિત્યકાર હતો તેણે "મતવિલાસ" નામની સામાજિક નાટિકા

અને સંગીતશાસ્ત્ર પર એક ગ્રંથની રચના કરી હતી. શિક્ષણ સંસ્થાઓને નિભાવવા રાજવીઓ દાન આપતા હતા.

**12.4.5 ધાર્મિક પ્રદાન :-**

પલ્લવ શાસકો પોતે બ્રાહમણધર્મી હોવા છતાંય બૌદ્ધ, જૈન, વૈષ્ણવ તથા શૈવ સંપ્રદાયના અનુયાયીઓને આશ્રય આપતા હતા. બહુતાંશી રાજવી શૈવ તથા વૈષ્ણવધર્મી હોવાથી બંને ધર્મોનો ખૂબ વિકાસ થયો હતો. તેમનું રાજચિન્હ નંદી હતું. પલ્લવ રાજવી નરસિંહ વર્મન પહેલાના સમયમાં ચીની મુસાફર હયુ-એન- ત્સાંગે કાંચીની મુલાકાત લીધી હતી. તેણે તેની નોંધમાં લખ્યુ છે કે, પલ્લવોના સમયમાં સો બૌદ્ધ મઠો અને એંશી જેટલા જૈન મંદિરો હતાં.

**તમારી પ્રગતિ ચકાસો :**

**(ચ) ખાલી જગ્યા પૂરો**

1. પલ્લવોની રાજધાની ____________હતી.
2. રાજ્યમાંથી કર ઉઘરાવવા માટે __________ નામક અધિકારીઓ હતા.
3. પલ્લવ સમ્રાટ મહેન્દ્રવર્મન __________નો નિર્માતા હતો.
4. કિરાતાર્જુનિયમનો કર્તા ________ હતો.
5. નરસિંહ વર્મન પહેલાના સમયમાં ચીની મુસાફર _________એ કાંચીની મુલાકાત લીધી હતી.

**(છ) ખરું ખોટું દર્શાવો.**

1. પલ્લવ વંશનો છેલ્લો રાજવી અપરાજિત વર્મન હતો.
2. સાતવાહન રાજ્યના અસ્તમાંથી પલ્લવોના શાસનનો ઉદય થયો.
3. પલ્લવયુગમાં સ્થાપત્યની ત્રણ શૈલીનો વિકાસ થયો.
4. મામલ્લ શૈલીનો નિર્માતા નરસિંહ વર્મન હતો.
5. કાંચી તે સમયે વિદ્યા અને વિદ્વાનોનું કેન્દ્ર હતું.

---

**12.5 સારાંશ :**

---

સમ્રાટ કનિષ્કે વિદેશી શાસક હોવા છતાંય ભારતની સર્વાંગીણ પ્રગતિ કરનાર રાજવી તરીકે પ્રાચીન ભારતના ઇતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રમાણે જ દક્ષિણ ભારતના ઇતિહાસમાં સાતવાહનો અને ગૌતમીપુત્ર શતકર્ણીનું સર્વાંગીણ ક્ષેત્રે આપેલું પ્રદાન નોંધપાત્ર બની રહ્યું છે. તેઓ ચુસ્ત બ્રાહ્મણ ધર્મનું પાલન કરતા હોવા છતાં ડૉ. એમ. રામારાવ સાતવાહનોના રાજ્ય અમલને મુખ્યત્વે બૌદ્ધધર્મનો યુગ તરીકે ઓળખાવે છે. તેમના રાજ્યમાં પ્રાકૃત ભાષાનો ઉત્તેજન મળ્યું જે આમ જનતાની ભાષા હતી. પ્રા. વ્યંકટરાવ ગેરટીના શબ્દોમાં કહીએ તો "દખ્ખણમાંથી સાતવાહનોની સત્તા અદ્રશ્ય થઈ ગઈ. તેમ છતાંય તેમણે કલા અને સાહિત્યના ક્ષેત્રે સમૃદ્ધ વારસો છે અંજનતાના ચિત્રો, કાર્લે અને અમરાવતીના શિલ્પો  નાગાર્જુનની સાહિત્યિક રચનાઓ વગેરે જેવી તેવી સિદ્ધિઓ નથી." પલ્લવ યુગે પણ દક્ષિણ ભારતના રાજકીય અને સાંસ્કૃતિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. શાસનવ્યવસ્થા ઉત્તમ હોવાથી આ સમયે શિક્ષણ, સાહિત્ય, કલા અને સ્થાપત્યનો

ખૂબ વિકાસ થયો હતો. સર્વધર્મ સમભાવ હોવાથી રાજ્યમાં શાંતિ અને સલામતી હતી તેથી, દક્ષિણ ભારતના સર્વાંગી વિકાસમાં પલ્લવોનું યોગદાન મહત્વપૂર્ણ હતું એવું કહેવુ અતિશ્યોકિત ન થાય.

## 12.6 ચાવીરૂપ શબ્દો :-

1. શકસંવત – ઈસ્વીસન
2. વૃષાલ – હિન જાતિ
3. પ્રતિષ્ઠાન – હાલનું પૈઠણ

## 12.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ક) (1.) કૃષાણ (2.) કુજલ કડકિસીસ (3.) અશ્વઘોષ (4) મથુરા (5) મહાયાન

(ખ) (1) ખરું (2) ખોટુ (3) ખરું (4) ખરું (5) ખરું

(ગ) (1) સિંમુક (2) ચાંદી અને તાબાના (3) ગૌતમીપુત્ર શાતકર્ણી (4) ગૌતમીપુત્ર શાતકર્ણી (5) મત્સ અને વાયુ

(ઘ) (1.) ખોટું (2.) ખરું (3.) ખરું (4) ખોટુ (5) ખરું

(ચ) (1.) કાંચીપુરમ (2.) મંડપી (3.) મહેન્દ્રશૈલી (4) ભારવી (5) હુ –એન- ત્સાંગે

(છ) (1.) ખરું (2.) ખરું (3.) ખોટું (4) ખોટું (5) ખરું

## 12.8 સંદર્ભ ગ્રંથો :


1. જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી દર્શન-1 (ઇતિહાસ આદી યુગ) SPU જાન્યુઆરી- 1982.
2. ભારતીય ઇતિહાસ કી રૂપરેખા ભાગ – 1 એસ. ચંદે એન્ડ કંપની- ગુરુબક્ષસિંહ કપૂર, દિલ્હી.
3. પ્રાચીન ભારત કા ઇતિહાસ – ડૉ. રામશંકર ત્રિપાઠી, સંપાદક – મોતીલાલ બનારસીદાસ, જવાહર નગર, દિલ્હી.
4. ભારતીય ઇતિહાસ- હરિરામ ગુપ્તા અને અન્ય એસ. ચંદ એન્ડ કંપની.
5. પ્રાચીન ભારત – ડૉ. શ્રીકૃષ્ણ ઓઝા, રિસર્ચ પબ્લિકેશન, દિલ્હી- 2
6. પ્રાચીન ભારત- રોમિલા થાપર, રાજકમલ પ્રકાશન- દિલ્હી.
7. પ્રાચીન ભારત- રાધાકૃષ્ણ મુખર્જી, રાજકમલ પ્રકાશન- દિલ્હી.

## એકમ – 13 સંગમ યુગ- ભાષા, સમાજ અને સાહિત્ય

**રૂપરેખા :-**

13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 ભાષા

13.3 સંગમયુગીન સમાજ

13.3.1 વર્ણ અને જ્ઞાતિ વ્યવસ્થા

13.3.2 ખોરાક

13.3.3 પોશાક

13.3.4 આભૂષણો

13.3.5 રહેઠાણ

13.3.6 લગ્ન

13.3.7 શિક્ષણ

13.3.8 સ્ત્રીઓની સ્થિતિ

13.4 સંગમ સાહિત્ય

તમારી પ્રગતિ ચકાસો

13.5 સારાંશ

13.6 શબ્દાવલિ

13.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

13.8 સંદર્ભસૂચિ

### 13.0 ઉદ્દેશો :

આ એકમના અંતે તમે સમજી શકશો કે :-


- સંગમ યુગની ભાષા કઇ હતી અને ક્યા ક્યા પ્રકારનું સાહિત્ય રચાયું હતું.
- સંગમ યુગની સામાજિક સ્થિતિ કેવી હતી.

### 13.1 પ્રસ્તાવના:

'સંગમ' શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ***'સંઘમ'*** ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો સામાન્યત: અર્થ ***'ગોષ્ઠિ' કે 'પરિષદ'*** એવો થાય છે. રામશરણ શર્માના મત અનુસાર, 'સંગમ' એ તમિલ કવિઓ તથા વિદ્વાનોની એવી સુઆયોજિત પરિષદો હતી કે જેમાં બુદ્ધિજીવી બ્રાહ્મણ કવિઓનું વિશેષ વર્ચસ્વ હતું. સંગમ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ તમિલ સાહિત્યમાં શૈવ સંત તિરુ નાવુકકરાસુ (અપ્પાર) એ કર્યો હતો. જે ઈ.સ. પૂર્વેની 7મી સદીમાં થઈ ગયા હતા. આશરે ઈ.સ. 100 થી ઈ.સ.250ના મધ્યભાગ સુધી ત્રણ સંગમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેથી આ સમયને ઇતિહાસમાં 'સંગમ યુગ' તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાચીનયુગમાં દક્ષિણ ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં સમકાલીન તમિલ રાજ્યો (ચોલ, પાંડય અને ચેર) નોંધપાત્ર અને અદ્વિતીય સ્થાન ધરાવે છે. ચોલ સામ્રાજ્યમાં કાવેરી અને તેની આસપાસના પ્રદેશનો સમાવેશ થતો હતો અને તેની રાજધાની ***ઉરગપુર*** (ઉરૈયુર) હતી. ચોલ રાજ્યની દક્ષિણે પાંડય રાજ્ય હતું અને તેની રાજધાની ***મદુરાઈ*** હતી. પાંડ્ય રાજ્યની પશ્ચિમે ચેર રાજ્ય હતું. તેની રાજધાની ***કારુર*** હતી. ઈ.સ. 100 થી ઈ.સ. 250 સુધી (કેટલાક ઈતિહાસકારોના મતે ઈ.સ. પૂર્વેની ચોથી સદીથી ઈ.સ. છઠ્ઠી સદી સુધી) તમિલ વિદ્વાનોના સંઘની રચના થઈ તે ‘સંગમ સાહિત્ય’ કહેવાયું. સંગમ સાહિત્ય એ તમિલ સમાજજીવનના દરેક પાસા પર પ્રશંસનીય પ્રકાશ ફેંકે છે. (ડૉ.વી.પેરુમલ)

[redacted]





[redacted]

**13.2 ભાષા:**

તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ નામની ચાર દ્રવિડ ભાષાઓના સાહિત્યનો આ સમયમાં વિકાસ થયો, જેમાં સૌથી જૂની ભાષા કે તમિલ ભાષા એ ભારત, શ્રીલંકા અને સીગાપુર જેવા દેશોમાં પ્રચલિત ભાષા છે. તમિલ-બ્રાહ્મી શીલાલેખોમાંથી મળે છે. આવા શિલાલેખોના મુખ્ય કેન્દ્રો અરીપટ્ટી (મૌગુલમ,મદુરાઈ), કરૂંગા, લક્કુટી (મેલુર,મદુરાઈ) કોગારપુલિયમકલમ

(મદુરાઈ), અઝકરમલ્લાઈમાં આવેલા હતા.આ લખાણોમાં સંસ્કૃત તથા પ્રાકૃત શબ્દોના સ્થાનિક રૂપાંતર પામેલા ઘણા તમિલ શબ્દો જોવા મળે છે. આ શિલાલેખોનો સમય લગભગ ઈ.સ.પૂ.200 થી ઈ.સ.300 સુધીનો ગણવામાં આવે છે.

ટૂંકમાં કહીએ તો સંગમયુગ દરમ્યાન દ્રવિડ જૂથની ચાર ભાષાઓ- તમિલ, તેલુગુ, કન્નડ, અને મલયાલમમાં સંગમ સાહિત્ય રચાયું હતું.તેમાય સવિશેષ સાહિત્ય તો તમિલ ભાષામાં રચાયું હતું. સંગમયુગ દરમ્યાન રચાયેલ સાહિત્યની સવિશેષ ચર્ચા પ્રસ્તુત પ્રકરણના સાહિત્યના પેટા મુદ્દામાં કરીશું.




## 13.3 સંગમયુગીન સમાજ:-

સંગમયુગીન સમાજનાં જુદાં જુદાં પાસાં નીચે મુજબ આલેખી શકાય :

### 13.3.1 વર્ણ અને જ્ઞાતિ વ્યવસ્થા :-

કેટલાક વિદ્વાનોના મતાનુસાર સંગમયુગીન સમાજને ચાર વર્ણોમાં વિભાજિત કરવામાં આવેલ હતો. જે નીચે મુજબ છે.

1 ***‘અરસર’*** (શાસક)

2 ***‘અંડનર’*** (બ્રાહ્મણ)

3 ***‘વેનિગર’*** (વણિક)

4 ***‘પેલાલ’*** (ખેડૂત)

ઉપરોક્ત વર્ણોમાં ‘અંડનર’ (બ્રાહ્મણ) નું સ્થાન સર્વોચ્ચ અને સન્માનીય હતું. ફક્ત બ્રાહ્મણો જ જનોઈ ધારણ કરી શકતા હતા.

આ ઉપરાંત સંગમયુગમાં સૌથી સન્માનનીય વર્ગમાં સંતોનો પણ સમાવેશ થતો હતો.એવું માનવામાં આવતું હતું કે તેઓ ભૂતકાળ અને ભવિષ્યકાળનું જ્ઞાન ધરાવતા હતા. ***‘પેલાલ’*** (***વેલ્લાલર***) ખેડૂત વર્ગ હતો. તેઓ ***‘કેરાલર’*** તરીકે પણ ઓળખાતા. મોટાંભાગના ચોલ, પાંડય અને ચેર રાજ્યના રાજવીઓ આ વર્ગના હતા. આયર અને વેડુવરો અનુક્રમે શિકારીઓ અને

ભરવાડો હતા. આ ઉપરાંત સોની, લુહાર, સુથાર, વણકર, યોદ્ધાઓ વગેરે વર્ગો પણ મહત્વનું સ્થાન ધરાવતા હતા. નિમ્ન વર્ગોમાં માછીમારો, મોચી અને કસાઈઓનો સમાવેશ થતો હતો. આમ, સંગમયુગનો સમાજ અનેક વર્ગોમાં વહેંચાયેલો હતો.

**13.3.2 ખોરાક:**

આ યુગના લોકો ખોરાકમાં ચોખા, દૂધ, બાજરી, દૂધની બનાવટો, દાડમ, દહીં, તેમજ માંસ (હરણ, કબુતર, કાચબો અને ડુક્કરનું) અને માછલી લેતા. આમ, સંગમ સમાજ શાકાહારી તેમજ માંસાહારી હતો. પોંગલ (દૂધ-પૌંઆ) એ જાણીતી વાનગી હતી. લોકો ભોયતળિયે બેસીને કેળના પાંદડા પર ખોરાક મૂકીને ભોજન લેતા. સાધુઓ ઠંડા ભાત અને ગરમ પાણીથી સંતોષ માનતા. ગૃહસ્થીઓના રોજબરોજના ખોરાકમાં મહદઅંશે દૂધની બનાવટો રહેતી. ગામડાંની અમૂક શેરીઓમાં શરાબી પીણાં, અફીણ અને તાડીની દુકાનો રહેતી. જમ્યા પછી પાન-સોપારી ખાવાનો રિવાજ હતો. બજારમાં તૈયાર પાનનાં બીડાં વેચાનારા ઓના વર્ગ (***પાસાવર***) હતો.

**13.3.3 પોશાક:**

સામાન્ય રીતે સ્ત્રી-પુરુષો સીવેલાં કપડાં પહેરતા. સ્ત્રીઓ પાંદડા અને ફૂલોનો બનેલો પહેરવેશ કમરથી છેક ઢીંચણ સુધી પહેરતી સામાન્ય રીતે સ્ત્રી કે પુરુષ બેમાંથી કોઈ કમરથી ઉપરના ભાગમાં વસ્ત્ર સ્ટાર્ચ પણ કરતા હતા. એ યુગમાં સ્ત્રી અને પુરુષો કમરનું વસ્ત્ર પહેરતા. તેઓ દ્વારા કટીપ્રદેશના વસ્ત્ર ઉપર 'કચ્છુ' કે 'વેમ્બુ' નામે રેશમી પટ્ટો પહેરવામાં આવતો. મજૂરવર્ગ લગભગ નગ્ન અવસ્થામાં રહેતો. શિકારીઓ, માછીમારો અને કઠિયારા લગભગ નગ્ન અવસ્થામાં રહેતા. તેથી જ ગ્રીક લેખક સ્ટ્રેબોએ લખ્યું છે કે, "**ગ્રીક રાજવી ઓગસ્ટનને પાંડય રાજવીની ભેટ આપવા આવેલા આઠ સેવકો નગ્ન હતા.**" લોકો ધાર્મિક પ્રસંગે લાલ કે સફેદ રંગનું વસ્ત્ર પહેરતા. અંગરક્ષકો અને સરકારી અધિકારીઓ કોટ પહેરતા.

**13.3.4 આભૂષણો:**

સંગમ સમાજનો ધનિક વર્ગ કીમતી ઘરેણાં કે મૂલ્યવાન ધાતુના મણકાના હાર અને રત્નજડિત આભૂષણો પરિધાન કરતો, જયારે સામાન્ય લોકો કાચના મણકાના હાર જેવા સાદા અલંકારો પહેરતા. બાળકો ગળામાં પાંચ પેન્ડલવાળો સોનાનો હાર પહેરતા. તેઓ નૂપુર કે કલ્લુ પહેરતા, જે ***'કિનકિની'*** કહેવાતું. બાળકો વાઘના દાંતથી જડિત પેન્ડલવાળો સોનાનો હાર પણ પહેરતા, જે તેમને બુરી નજર લાગવાના ભયથી બચાવતો એવી માન્યતા હતી. સંગમ યુગની સ્ત્રીઓ નીચે જેવા આભૂષણોથી સજ્જ બનતી ;

***સીલેમ્બુ*** (નૂપુર)

***મુતારાઈ*** (મોતીનો કમરપટ્ટો)

***મેખલાઈ*** (મોતીના ૩૨ હારવાળો પટ્ટો)

***સેનતીરૂ*** (માથે પુષ્પો જેવું આભૂષણ)

***કુલાઈ*** (એરિંગ)

***કાસુસ*** (ગળાનો હાર)

***મોદીરમ*** (વીંટી)

*તોડી* (ખભા પરનું ઘરેણું)

*તોડું* (કાનની રીંગ)

સંગમ સમાજના લોકોને સુગંધિત દ્રવ્યો પ્રત્યે રુચિ હતી. સ્ત્રીઓ શરીરે સુગંધિત પદાર્થો લગાડતી અને ફૂલોની ભારે શોખીન હતી. કપિલારે તેમની *'કુરીનજિપ્પતુ'* નામની કૃતિમાં ફૂલોની 100 જાતોનો તથા સત્તાનારે તેમની *'મણીમેખલાઈ'* નામની કૃતિમાં ફૂલોની 20 જાતોનો ઉલ્લેખ કર્યો છે, સ્ત્રીઓ હેરપીન વાપરતી તેમજ કાંસકાથી વાળ ઓળતી અને સાફ કરતી.

**13.3.5 રહેઠાણ :**

ઉચ્ચ ધનિક વર્ગના લોકો પાકી ઇંટોથી બનાવેલા મકાનોમાં ઉપરના માળે નિવાસ કરતા હતા તથા મકાનના નીચેના માળનો વ્યાપાર કે ઉધોગ-ધંધાના કાર્યો માટે ઉપયોગ કરતા હતા. મકાનોના બાંધકામ માટે ઈંટોની સાથે ચૂનાનો પણ ઉપયોગ કરવામાં આવતો. નિમ્ન કક્ષાના લોકોના મકાન સાદા હતા. તેઓ કાચા મકાનો કે ઝુંપડીઓમાં વસવાટ કરતા હતા. મકાનોનું બાંધકામ શાસ્ત્રીય નિયમો અનુસાર કરવામાં આવતું.

**13.3.6 લગ્ન :**

'*તોલ્કાપ્પિયમ'* ગ્રંથ અનુસાર દક્ષિણ ભારતમાં લગ્નની પરંપરા એક પવિત્ર સંસ્કારના સ્વરૂપમાં આર્યો દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ ગ્રંથમાં આઠ પ્રકારના લગ્નોનો ઉલ્લેખ છે. લગ્ન સબંધી નિયમો અને માન્યતાઓ ખૂબ જ સરળ હતા. સંગમયુગના પ્રારંભિક તબક્કાની લગ્નવિધિ અંગે પ્રોફે.પી.ટી. શ્રીનિવાસ આયંગર નોંધે છે કે ***"સંપૂર્ણપણે આર્યવિધિ જેવું કશું જ ન હતું. કોઈ દીવાબત્તી નહિ, કોઈ પ્રજ્વલિત અગ્નિ નહિ અને દાન-દક્ષિણા સ્વીકારવા કોઈ બ્રાહ્મણ નહિ"***, પરંતુ ત્યાર પછીના વિકસિત તબક્કાની લગ્નવિધિ આધુનિક તમિલ વૈદિક લગ્નવિધિથી કોઈ પણ રીતે ભિન્ન નહોતી. લગ્ન માટે છોકરા-છોકરીની વય અનુક્રમે 16 અને 12 હતી , જે પરથી સ્પષ્ટ થાય છે કે તે યુગમાં બાળલગ્નો પ્રચલિત હતા. નવવધુના પક્ષ તરફથી વરના પક્ષને દહેજ આપવાનું ન હતું, પરંતુ વરના પક્ષે કન્યાના પક્ષને કીંમત ચૂકવવી પડતી. જે *'મુલૈઈ વિલઈ'* કહેવાતી. *તાલી* (પવિત્ર દોરો-મંગળસૂત્ર) પહેરવી એ સ્ત્રીનો પરિણીત દરજ્જો સૂચવતી હતી.

**13.3.7 શિક્ષણ :**

સમાજના તમામ વર્ગોના સમાન પ્રકારના શિક્ષણની વ્યવસ્થા હતી. વિદ્યાર્થી સાહિત્ય, વિજ્ઞાન,જ્યોતિષ,ગણિત તથા વ્યાકરણનું શિક્ષણ મેળવતો. વિધાર્થી *'પિલ્લૈ'* અથવા *'ભાણ્યનન'* તથા શિક્ષક *'કણક્કાટર'* તરીકે ઓળખાતા. શિક્ષણ મંદિરોમાં આપવામાં આવતું. ગુરુસેવા તથા ગુરૂ દક્ષિણા એ વિધાર્થીઓની મુખ્ય ફરજો રહેતી.

**13.3.8 સ્ત્રીઓની સ્થિતિ :**

સંગમયુગમાં પુરુષોનું સ્થાન ઊંચું હોવાથી સ્ત્રીઓનું સ્થાન નીચું માનવામાં આવતું. દીકરીનો જન્મ અશુભ મનાતો. આંશિક રીતે સતીપ્રથા પણ અમલી બની હતી. વિધવા સ્ત્રીઓને આભૂષણોનો ત્યાગ તથા મુંડન કરાવવું પડતું. નૃત્ય કરનારી સ્ત્રી ગૃહિણીઓ માટે અશુભ માનવામાં આવતી, સ્ત્રીઓને સંપત્તિનો અધિકાર ન હતો. તેમની નિમણુક રાજાના અંગરક્ષકો

તરીકે પણ કરવામાં આવતી, તેમ છતાં પણ સ્ત્રીને એક પત્ની તરીકેનું સ્થાન તો મળ્યું જ હતું. સ્ત્રીઓને શિક્ષણ મેળવી શકતી તથા વિવિધ તહેવારોમાં પણ ભાગ લઈ શકતી. માતા-પિતાની સંમતિથી કન્યા લગ્ન કરતી હતી.

સંગમ સમાજમાં ગણિકાપ્રથા અસ્તિત્વમાં હતી. તેમનો એક અલગ વર્ગ હતો. જેનો વ્યવસાય વેશ્યાવૃત્તિનો હતો. તે સમયે ધંધાદારી ગણિકાઓના બે વર્ગો હતા :

1 '**ચેરીપેરા તૈયાર**' : આવી ધંધાદારી ગણિકાઓ પોતાની આજીવિકા મેળવતી અને કોઈ ખાસ ગ્રાહક સાથે જોડાયેલ ન હતી,

2 '**કાદાર પેરા તૈયાર**' : કોઈ ખાસ ગ્રાહકને દિલ દઈ બેઠેલી ગણિકાઓ કે જે તેની સાથેના જાતીય સબંધોથી પોતાની આજીવિકા મેળવતી, પરતું તેની સાથે કદી લગ્ન કરતી નહી.ગણિકાઓ 64 કલાઓમાં નિપુણ હતી, પરંતુ સિતારવાદન તેમની મુખ્ય કલા હતી, ચોલ રાજાઓ ગણિકા નર્તકીઓને પ્રોત્સાહન આપતા અને દર વર્ષે શ્રેષ્ઠ ગણિકા-નર્તકીઓને ઈનામથી નવાજતા.

## 13.4 સંગમ સાહિત્ય :

ઐતિહાસિક રીતે સંગમ સાહિત્યની રચનાનો સમયગાળો વિવિધ ઈતિહાસકારોની દ્રષ્ટિએ ભિન્ન ભિન્ન જોવા મળ્યો છે. તેમ છતાં દંતકથા પ્રમાણે તેનો સમય દશ હજાર વર્ષનો ગણાય છે. આ સમય દરમ્યાન સંઘની કુલ ત્રણ બેઠકો યોજાઈ હોવાનું મનાય છે. એ પૈકી પ્રથમ સંઘની બેઠક મદુરામાં મળી હતી. જેમાં 4400 વર્ષના સમયગાળામાં 4499 જેટલા વિદ્વાનોએ સાહિત્ય સર્જન કર્યું હતું. બીજા સંગમની બેઠક કપાટપુરમ નામે નગરમાં મળી હતી. જેમાં ૩૭૦૦ જેટલા વર્ષના સમયગાળામાં ૩૭૦૦ જેટલા વિદ્વાનોએ સાહિત્ય સર્જન કર્યું હતું. ત્રીજા સંગમની બેઠક ઉત્તર મદુરામાં મળી હતી. તેમાં ૧૮૫૦ જેટલા વર્ષોમાં ૪૪૯ જેટલા વિદ્વાનોએ સાહિત્ય સર્જન કર્યું હતું. દંતકથાના આ વર્ણનો પરથી એટલું તો કહી શકાય કે સંગમયુગ દરમ્યાન મોટી સંખ્યામાં સાહિત્યસર્જન થયું હતું. આ સાહિત્ય મોટે ભાગે તમિલમાં અને કેટલેક અંશે અન્ય દ્રવિડ ભાષાઓ કન્નડ, તેલુગુ અને મલયાલમમાં રચાયું હતું.

સંશોધકોએ પ્રથમ સંગમની કોઈ કૃતિ પ્રાપ્ત થઈ નથી. બીજા સંગમની એકમાત્ર ***'તોલકાપ્પિયમ'*** નામે કૃતિ મળે છે. આ કૃતિ તમિલ વ્યાકરણ અંગેની છે, છતાં તેમાંથી લોકજીવનની માહિતી મળે છે. આ કૃતિની રચના અગસ્ત્ય મુનિના પટ્ટશિષ્ય તોલકાપ્પીયરે રચેલી હોવાનું મનાય છે. આ ગ્રંથમાં કુલ મળીને 1.6 12 સુત્રો સંકલિત કરવામાં આવ્યા છે. આ કૃતિ ત્રણ ભાગોમાં વિભાજિત છે.

ત્રીજા સંગમની કૃતિઓ વિશેષ નોંધપાત્ર છે. તેમાં ***'પથ્થપાટ્ટુ'*** નામે કાવ્યકૃતિઓ તથા ***'એત્તુથોગાઈ'*** અને ***'પેદીનેન્કીલ્કાનકુ'*** નામની કૃતિઓ મહત્વની છે. ઉપરોક્ત ત્રણેય ગ્રંથોમાં સમાવિષ્ટ બાબતોને તેના શાબ્દિક અર્થથી સમજી શકાય છે. જેમકે,

***'પથ્થપાટ્ટુ'*** (દસ ગીત કે કાવ્ય)

***'એત્તુથોગાઈ'*** (આઠ કાવ્યસંગ્રહો)

***'પદીનેન્કીલ્કાનકુ'*** અથવા ***'પદીનેકીકણક્કુ'*** (અઢાર લઘુ ઉપદેશાત્મક કાવ્યસંગ્રહો)

'પથ્થપાટું'માં દસ જેટલા કાવ્યો છે, જે પ્રકૃતિ વર્ણનના ઉત્તમ કાવ્યો છે. તેમાં ચેર વંશના રજાઓ (શેનગુટ્ટવન, કરીકાલ, તથા અન્ય)ના વર્ણન જોવા મળે છે.

'એત્તુથોગાઈ' નામે કૃતિમાં આઠ જેટલા કાવ્યસંગ્રહોમાં જુદા-જુદા વિષય પર રચાયેલી 30,000 જેટલી પંક્તિઓ છે. તેમાં માનવજીવનની ભિન્ન-ભિન્ન લાગણીઓ વ્યક્ત થઈ છે.

'પદીનેન્કીલ્કાનકુ' નામે કૃતિમાં અઢાર જેટલા નાના નાના કાવ્યોનો સંગ્રહ છે. અઢાર નાના કાવ્યોમાં મહાકવિ તિરુવલ્લુવરનો ***'કુરલ'*** નામે કાવ્યસંગ્રહ નોંધપાત્ર છે. 'કુરલ' ના કુલ ૧૧૩ ભાગ છે. અને દરેક ભાગમાં દસ-દસ ઉપદેશાત્મક કવિતાઓ છે. તેમાં ગૃહસ્થજીવન સદાચાર, સદગુણ, સંપત્તિ, નાગરિક ફરજો વગેરે જેવા વિષયો વણી લેવામાં આવ્યા છે. વિદ્વાનોએ 'કુરલ'ને ***'નાનો વેદ'*** કહ્યો છે. પોપે તેને ***'સુંદર જીવન જીવવાની કળા'*** કહીને બિરદાવેલ છે, 'કુરલ' નો જૂદી જૂદી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે.

સંગમયુગીન અન્ય સાહિત્યમાં ૫ મહાકાવ્યો નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

1 ***'શિલપ્પદીકરામ'*** ,

2 ***'મણીમેખલાઈ'*** ,

3 ***' જીવક ચિંતામણી'*** ,

4 ***'વલયપતિ'***

5 ***'કુંડલકેશી'***

'શિલપ્પદિકારમ'ની રચના ઈલાંગો અડીગલે કરી હતી. આ ગ્રંથમાં તેમણે કોવલન અને કન્નગીની પ્રણયકથાનું વર્ણન કર્યું છે. કોવલન પોતાની પતિવ્રતા કન્નગીને ભૂલી જઈને કાવેરીપટ્ટનમની માધવી નામની વેશ્યા પર આસક્ત થાય છે તેનું વર્ણન અહીં જોવા મળે છે. એક આર્દશ પત્ની તરીકે કન્નકિનું સ્થાન આજે પણ દક્ષિણના લોકજીવનમાં રહ્યું છે. 'મણીમેખલાઈ' માં 'શીલપ્પદિકારમ' ની કથા આગળ ચાલે છે. તેની રચના શત્તનારે કરી હતી. આ મહાકાવ્યમાં મુખ્યત્વે કથાપાત્ર કોવલનની ગણિકા માધવીથી જન્મેલ પુત્રી મણીમેખલાઈની કથા છે. મણીમેખલાઈ પોતાને કન્નકિની પુત્રી સમજે છે. આખરે સત્ય સમજાતાં તેણી સંસારનો ત્યાગ કરે છે અને પોતાની જાતને બૌદ્ધ ધર્મ અને સંઘને ચરણે સમર્પિત કરી દે છે. વિદેશી વિદ્વાનોએ આ બંને મહાકાવ્યોને હોમર દ્વારા રચિત 'ઇલિયડ' અને 'ઓડિસી' સમકક્ષ મૂક્યું છે. ત્રીજા મહાકાવ્ય 'જીવક ચિંતામણી' ની રચના તિરુત્તક્કદેવરે કરી હતી. આ ગ્રંથમાં જન્મથી મોક્ષ સુધીની મનુષ્યની યાત્રાનું વર્ણન જોવા મળે છે. 'વલયપતિ' અને 'કુંડલકેશિ' એ અન્ય મહાકાવ્યો પણ સંગમ સાહિત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો** :

**(ક) બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો.**

1. સંગમયુગ દરમ્યાન વિદ્વાનોના સંઘની કુલ કેટલી બેઠકો યોજાઈ હતી ?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) નવ

2. મોટાભાગનું સંગમ સાહિત્ય કઈ ભાષામાં રચાયું હતું ?

(અ) તમિલ (બ) કન્નડ (ક) તેલુગુ (ડ) મલયાલમ

3. સંગમ સાહિત્યમાંનો કયો ગ્રંથ 'નાનો વેદ' કહેવાય છે ?

(અ) તોલકાપ્પિયમ (બ) પથ્થુપાટ્ટુ (ક) કુરલ (ડ) એત્તુથોગઈ

4. કોવલન અને કન્નકિની કથા કયા ગ્રંથમાં જોવા મળે છે ?

(અ) પથ્થુપાટ્ટુ (બ) કુરલ (ક) મણીમેંખલાઈ (ડ) શિલપ્પદીકારમ

5. સંગમયુગીન સમાજમાં વિદ્યાર્થી કયા નામે ઓળખાતો ?

(અ) પિલ્લે (બ) કણક્કાટર (ક) જેવલન (ડ) ગંટુર

**(ખ) સ્વાધ્યાય**

1. સંગમ યુગની ભાષા અને સમાજની રૂપરેખા સ્પષ્ટ કરો.
2. સંગમ યુગીન સંસ્કૃતિની સામાજિક સ્થિતિ સમજાવી સંગમ સાહિત્યનું નિરૂપણ કરો.

**13.5 સારાંશ :-**

સમગ્ર ચર્ચાને અંતે કહી શકાય કે સંગમ યુગ તે સમયના સાહિત્યનો સુવર્ણયુગ હતો. સંગમ યુગ એ સાહિત્યિક તેમજ ઐતિહાસિક બંને રીતે મહત્વ ધરાવે છે. દક્ષિણ ભારતના પ્રાચીન યુગના ઇતિહાસમાં ત્રણ સંગમ રાજ્યો – ચોલ, પાંડય અને ચેર અસ્તિત્વ ધરાવતા હતા. આ યુગના સાહિત્ય દ્વારા ઉપરોક્ત ત્રણેય રાજ્યોની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ સમજવા માટે તેમજ તમિલ પ્રજાની સાંસ્કૃતિક ઈતિહાસની ઝાંખી મેળવવા માટે સંગમ સાહિત્ય પારસમણી સમાન સાબિત થયું છે.

**13.6 શબ્દાવલી :**

**'કો'** – સંગમ યુગમાં રાજા 'કો' તરીકે ઓળખાતા હતા.

**'અવઈ'** – તમિલ રાજાઓનો જાહેર દરબાર

**'પેરુનલ'** - સંગમ યુગમાં દર વર્ષે રાજાનો જન્મદિવસ ઉજવાતો, જે 'પેરુનલ' કહેવાતો.

**'પેરુર'** – સંગમકાલીન મોટું ગામ

**'સીરુર'** – સંગમકાલીન નાનું ગામ

**'મૂડુર'** – સંગમ યુગીન જૂનું ગામ

**તમારી પ્રગતિ ચકાસો**

**13.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**(ક)** 1. ત્રણ 2. તમિલ 3. કુરલ 4. શિલપ્પદિકારમ

5. પિલ્લે

**13.8 સંદર્ભસૂચિ :**


1. History, Higher Secondary first year, Tamilnadu Textbook and Educational Services Corporation, Chennai, 2017.
2. (Retrived from www.textbooksonline.tn.nic.in>books)
3. झा, द्विजेन्द्र नारायण और कृष्ण मोहन श्रीमाली, प्राचीन भारत का इतिहास, हिन्दी माध्यम कार्यान्वय निदेशालय, दिल्ली विश्वविद्यालय, दिल्ली, द्वितीय संस्करण, २००३.

4. सिंह, गजेन्द्र और एस. एन. द्विवेदी, प्राचीन भारत ऐक तथ्यपूर्ण विवेचन, ज्योत इन्टरप्राइजिज, दिल्ली, प्रथम संस्करण, २००६.
5. गोयल, शंकर, प्राचीन भारतीय इतिहास और संस्कृति (नये संदर्भ और आयाम), बुक एकलेव, जयपुर, प्रथम संस्करण, २००१.
6. ઈતિહાસ, ધોરણ-11, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, 2006.
7. સામાજિક વિજ્ઞાન, ધોરણ-10, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર, 2017.
8. શેલત, એન. ડી., ભારતનો ઈતિહાસ, અતુલ પ્રકાશન, અમદાવાદ, 2013.
9. પટેલ, જશુભાઈ બી., પ્રાચીન ભારતનો ઈતિહાસ, લીબર્ટી પબ્લિકેશન્સ, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, 2015.

નોંધ :

BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૧

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-101**

## પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)










# વિભાગ-૩ શુંગોથી સંગમયુગ